Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંજ દૈનિક

Year: 6, Issue:286 Dt.14-09-2021 (Tuesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

સૌરાષ્ટ્રમાં ભાદરવામાં અષાઢ સર્જાતા મેઘતાંડવઃ ભારે તારાજી

જનહૈયા ખુશાલીથી તરબતર, જળ સંકટને રાતોરાત તાણી જતા મેઘરાજાઃ ૬ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું: ૧૦ શહેરો અને ૨૨૦ ગામડાઓમાં સર્જાયો અંધારપટ્ટઃ ૩૬ ડેમ હાઈએલર્ટ પર, ૨૩ ડેમો સંપૂર્ણપણે છલકાયાઃ એન.ડી.આર.એફ, પોલીસ અને એસ.ડી.આર.એફ નાં જવાનોની જોરદાર કામગીરીઃ જામનગર અને જૂનાગઢ જિલ્લાનાં તમામ ડેમો ઓવરફ્લો થતા લોકોમાં ભારે હર્ષ, ખેડૂતો ખુશ

સૌરાષ્ટ્રમાં સચરાચર જોરદાર વર્ષાને પગલે તમામ ડેમ છલોછલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

સૌરાષ્ટ્રમાં લગભગ આખું ચોમાસું કોરું રહ્યા બાદ તરસી ધરતી અને સુકાતા મોલ અને લોક હૈયામાં ચિંતાની લાગણીઓ ઉપર દયા આવી હોય તેમ રવિ અને સોમવારે મેઘરાજાએ ભાદરવાને જાણે અષાઢ બનાવી દઈ ધરતીને તૃપ્ત કરી દે એટલું પાણી ઠાલવી દીધું હતું. મેઘરાજાની અસીમ કૃપા વરસી પડતા સૌરાષ્ટ્રનું જળસંકટ તણાઈ ચૂક્યું છે અને જનહૈયા હરખાઈ ઉઠ્યા છે. મેઘરાજાએ ૫ થી માંડીને ૨૧ સુધી પાણી ઠાલવી દેતા સૌરાષ્ટ્રનાં તમામ જળાશયો છલકાય ગયા છે. નદીઓ ગાંડીતુર બની છે. સેંકડો ગામડામાં જળબંબાકાર થતા બેટ બની ગયા છે. એન.ડી.આર.એફ, ફાયર બ્રિગેડ, પોલીસ, વાયુસેનાનાં જવાનોએ અભૂતપૂર્વ રેસ્ક્યુ કામગીરી કરીને અલગ-અલગ વિસ્તારોમાંથી કુલ ૬૮૭૮ લોકોનું સ્થળાંતર કરી સલામત ખસેડ્યા હતા. ઘુઘવતી જળરાશીની કેદમાં સપડાયેલા ૬૪ લોકોને વાયુસેનાએ એરલીફ્ટ કર્યા હતા. પૂરમાં તણાઈ જવાની ઘટનાઓ બની હતી.

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને જામનગર અને જૂનાગઢ જિલ્લાઓમાં મેઘતાંડવને પગલે નદીઓ ગાંડીતુર બનતા સેંકડો ગામડાઓ જળબંબાકાર થઇ ગયા હતા. હાલારનાં કાલાવડ તાલુકા સહિતના વિસ્તારો અને જૂનાગઢ જિલ્લાઓ અને વિસાવદર તાલુકા અને આસપાસના વિસ્તારોમાં માલ-મિલકતને કરોડો રૂપિયાનું નુકશાન થયાનું અંદાજ બાંધવામાં આવે છે. સોમવારે તો સમગ્ર સૌરાષ્ટ્રનું જનજીવન અસ્તવ્યસ્ત થઇ ગયું હતું. રાજકોટ અને શહેર જિલ્લામાં પણ પુર તાંડવથી વ્યાપક નુકશાની થઇ છે.

સૌરાષ્ટ્રનાં અને રાજ્યભરનાં ૧૯૮ તાલુકાઓમાં પાંચથી માંડીને ૨૧ ઇંચ સુધીનો જોરદાર વરસાદ

રાજકોટ અને જામનગર જિલ્લાઓ માંથી બચાવકાર ટીમોએ પાંચ હજાર લોકોનું સ્થળાંતર કર્યું હતું. સૌરાષ્ટ્રનાં તમામ મહત્વના ડેમો છલકાઈ ગયા હોવાથી જળસંકટ દૂર થઇ ગયું છે. રાજ્યનાં કુલ ૨૦૭ ડેમોનો જળસંગ્રહ વધીને ૬૨.૨૬ ટકા થઇ ગયો છે. હાલાર-જૂનાગઢ અને રાજકોટ જિલ્લાનો પાણી પ્રશ્ન મેઘરાજાએ ગણતરીના કલાકોમાં હલ કરી નાખ્યો છે. આ લખાય છે ત્યારે હજુ ત્રણ જિલ્લાનાં ૨૧૬ ગામો પાણીની કેદમાં પુરાયેલા છે. આજે સવારથી બંધ થયો હોવાથી પાણી ઓસરતા સાંજ સુધીમાં પરિસ્થિતિ સામાન્ય બનવાની ધારણા છે. ૧૦ શહેરો અને ૨૨૦ ગામડાઓમાં અંધારપટ્ટ

(અનુ.પાના નં.૪ ઉપર)

મધ્યપ્રદેશમાં તમામ કોલેજ-યુનિવર્સિટીમાં ભણાવાશે રામચરિત માનસનો અભ્યાસક્રમ

ફિલસુફીના અભ્યાસ ક્રમમાં એક વિષય તરીકે પ્રાચીન ધર્મ ગ્રંથનો સમાવેશ

(એજન્સી સમાચાર)

ભોપાલ, તા.૧૪

અભ્યાસ ક્રમ સમિતિની ભલામણને પગલે આગામી શૈક્ષણિક વર્ગથી મધ્યપ્રદેશની તમામ કોલેજ અને યુનિવર્સિટીઓમાં બીએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે રામચરીત માનસને એક વિષય તરીકે ભણાવવામાં આવશે. રાજ્યનાં ઉચ્ચ શિક્ષણ મંત્રી મોહન યાદવે જાહેર કર્યું હતું કે, ફિલસુફી અભ્યાસ ક્રમના એક ભાગ તરીકે



ભારતના આ મહાન અને પ્રવિત્ર ધર્મ ગ્રંથને વિષય રૂપે દાખલ કરવામાં આવ્યો છે. આ માટેની ભલામણ ખાસ અભ્યાસક્રમ સમિતિએ કરી હતી.

યાદવે જણાવ્યું હતું કે, રામચરિત માનસમાં ભારતીય સંસ્કૃતિ, વિજ્ઞાન અને સાહિત્ય તેમજ શૃંગાર પ્રચુર પ્રમાણમાં છે. એ કોઇ ચોક્કસ કે ખાસ ધર્મ માટે નથી. અમે ઉર્દુ ગજલને પણ વિષય તરીકે આર્ટસ

(અનુ.પાના નં.૪ ઉપર)

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજકોટમાંઃ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં થયેલ ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઇ કલેકટર અરૂણ મહેશ બાબુ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે બેઠક

પ્રચંડ મેઘતાંડવને પગલે રેલવે લાઈનને નુકસાન

હાપા–રાજકોટ સેક્શન પર ૨૦૦ મીટર લાંબા પાટા પર પાણી ફરી વળ્યાઃ કુલ ૬ સ્થળે રેલવેના પાટા ધોવાઈ ગયા, ૧૦ ટ્રેનના રૂટ બદલાયા યા રદ્ધ કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

સૌરાષ્ટ્રમાં રવિવારની રાત અને સોમવારે દિવસભર તમામ તાલુકાઓમાં મેઘતાંડવ સર્જાવાને પગલે તારાજીનાં અને નુકશાનીનાં વ્યાપક દ્રશ્યોની વણઝાર સર્જાઈ છે. સૌરાષ્ટ્રમાં જામનગર જિલ્લામાં અને જૂનાગઢ જિલ્લામાં ભારે તારાજી સર્જાઈ છે. હાલારમાં ગ્રામ્ય વિસ્તારોમાં ધસમસ્તી નદીઓને કારણે ગામડાઓ બેટ બની જવાથી સેંકડો પશુધનનાં મોત થયાનું જાણવા મળ્યું છે. પશ્ચિમ રેલવેને પણ ભારે નુકશાન સહન કરવું પડ્યું છે. ખાસ કરીને રાજકોટ-જામનગર વચ્ચે ઠેકઠેકાણે રેલવેનાં પાટા ધોવાઇ ગયા છે.

રેલવેને અને શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં માલ મિલકતને કરોડો રૂપિયાનું નુકશાન થયું હોવાનું અંદાજ માંગવામાં આવે છે.

પશ્ચિમ રેલવેની વાત કરીએ તો હાપા-રાજકોટ સેક્શન પર જ ૨૦૦ મીટર જેટલા પાટા ધોવાઇ ગયા હતા. રેલવે ટ્રેક પર ધસમસ્તા પાણી ફરી વળ્યા હોવાથી ૧૦ જેટલી ટ્રેનો કાં તો રદ્ધ કરાઈ હતી અથવા એમના રૂટ બદલવામાં આવ્યા હતા. અલ્યાબાળા અને જામવણથલી વચ્ચેના રેલવે પાટાઓને ભારે નુકસાન થવા પામ્યું છે. તેમ વિગતો આપતા રાજકોટ ડીવીઝનનાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારે વરસાદથી

(અનુ.પાના નં.૪ ઉપર)

ગુજરાતમાં નેતૃત્વ પરીવર્તન મોદી-શાહ જોડીનો વધુ એક માસ્ટર સ્ટ્રોક?

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ આડે માત્ર ૧૫ મહિનાનો

૨૦૨૨ની ચૂંટણીઓ વડાપ્રધાનનાં નામે જ લડવાનો સંકેત આપતો ભાજપઃ વગદાર પાટીદાર નેતાને આસન પર બેસાડવા પાછળના કારણો સમજવા જેવાઃ પાંચ મહિનામાં પાંચ ભાજપ શાસીત રાજયોનાં મુખ્યમંત્રીઓ બદલવાનો વ્યાયમ હેતુ પુર્ણઃ રાજયસભામાં બહુમતી મેળવવા ભાજપના મોવડીઓ આતુર

મહિનામાં ભાજપ સાંશિત પાંચ રાજયોનાં મુખ્યપ્રધાનો બદલવાનું પગલુ રાજકીય રીતે બહુ હિમ્મત ભર્યું ગણાય ગુજરાતમાં અણીના સમયે મુખ્યમંત્રીને સમય બાકી રહયો છે ત્યારે અચાનક નેતૃત્વ પરીવર્તન કરવાનો ફેંસલો મોદી અને શાહની ચાણક્ય જોડીનો વધુ એક માસ્ટર સ્ટ્રોક માનવામાં આવે છે. પાંચ જોડીએ સહુને આશ્ચર્યનો જબરો આંચકો આપી દીધો છે. પરંતુ રાજકીય નિરિક્ષકો કહે છે તેમ આવા નિર્ણયો સમજયા વિચાર્યા વિના લેવાતા નથી તેની પાછળ ચોક્કસ રાજકીય ગણીત હોય છે. ગુજરાતમાં પણ વિજય રૂપાણીને હટાવી ઘાટલોડીયાના ધારાસભ્ય ભુપેન્દ્ર પટેલને ગુજરાતના નાથ બદલી એક વગદાર વયસ્ક પાટીદાર નેતાને મુખ્યમંત્રી પદની ધુરા સોંપીને વધુ એક વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની બનાવવા પાછળ કમસે કમ ચાર થી પાંચ રાજકીય કારણો જવાબદાર છે તેવું રાજકીય પંડિતો કહી રહયા છે. આ ફેંસલાથી એક હકીકતને ભાજપે સ્પષ્ટ કરી દીધી છે કે, ભાજપ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીઓ વડાપ્રધાન મોદીના નામે જ લડશે. વડાપ્રધાનના વતનનું રાજય હોવાથી ભાજપની નેતાગીરી કોઇ જોખમ લેવા માંગતી નથી.

ભુપેન્દ્ર પટેલના નામ અને પસંદગી સામાન્ય લોકોને ભલે આશ્ચર્ય થયું હોય પરંતુ રાજકીય પંડિતોને એમા નવાઇ લાગી નથી. રાજયમાં ભાજપ ૧૯૯૮થી સત્તા પર છે. ૨૦૨૨માં ચૂંટણીઓ યોજાનારી છે ત્યારે ચૂંટણીઓ દરમ્યાન શાસન વિરોધી માહોલ ઉભો ન થાય એ માટે ભાજપની નેતાગીરી વધુ સર્તક અને સાવધ બની રહી છે. કોઇપણ પક્ષની સત્તા લાંબી ચાલે ત્યારે શાસન વિરોધી મોજુ સર્જાતું હોય છે. એટલે જ એ પરીબળનો સામનો કરવો ન પડે એ માટે ગુજરાતની સૌથી મોટી વોટ બેંક પી ફોર પાટીદારનો આસરો લેવાની ફરજ એ ભાજપની રાજકીય મજબુરી માનવામાં આવે છે. કેમ કે, ગુજરાત વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રી શાહની કર્મભૂમી રહી છે. બન્નેનો રાજય સાથે અંગત રાજય અને સંપર્ક છે. એ માટે ગુજરાતની

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંજ દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

અમેરિકા મોદી પર ઓળઘોળ, રિન્યુએબલ ઉર્જાનાં સહાયની ઓફર

અમેરિકાનાં પર્યાવરણ દૂત અને બાઈડનનાં પ્રતિનિધિ જોન કેરી ભારત યાત્રા પરઃ વડાપ્રધાનની કામગીરીની ભરપુર પ્રશંસા કરતા બાઈડનનાં દૂત

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૪

પર્યાવરણ સુધારણા અને રીન્યુએબલ ઉર્જાનાં ઉત્પાદનમાં અમેરિકા તરફથી સંપૂર્ણ સહાયની ઓફર કરતા અમેરિકી રાષ્ટ્ર પ્રમુખનાં પર્યાવરણ એલચી તથા ખાસ દૂત જોહન કેરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નક્કી કરેલા રીન્યુએબલ એનજીનાં લક્ષ્યાંકને ૨૦૩૦ સુધીમાં સિધ્ધ કરવા માટે અમેરિકા ટેકનોલોજી અને નાણાની સહાય કરશે. કેરી ભારતની ત્રણ દિવસની યાત્રાએ આવ્યા છે. તેમણે ગઈકાલે કેન્દ્રનાં પર્યાવરણ, વન અને હવામાન મંત્રી ભુપેન્દ્ર યાદવ સાથે મુલાકાત કરી હતી.

ભારત અને અમેરિકાનાં ક્લીનએનર્જી એજન્ડા અંતરગત પર્યાવરણ અને હવામાનની શુધ્ધતાનાં પ્રોજેક્ટ અને એ માટેની નાણાંકીય સહાય અંગે વાટાઘાટો કરવા બાઈડનનાં દૂત ભારતની મુલાકાતે આવ્યા છે. વડાપ્રધાન મોદી અમેરિકાની મુલાકાત માટે જવાના છે તે પહેલા કેરીની ભારત યાત્રાને સૂચક માનવામાં આવે છે.

જોહન કેરીએ જણાવ્યું હતું કે, ગ્લાસગો ખાતે યોજાનારી કલાઈમેટ કોન્ફરન્સ પહેલા ભારત અને એમરિકા વચ્ચે શુધ્ધિ ઉર્જા રોકાણ અને વ્યાપારને વેગ આપવા અમેરિકાનો ઈરાદો છે. તેમને કહ્યું હતું કે, જો શુધ્ધ ઉર્જા માટેની તક ભારત ઝડપી લેશે તો સોલાર પેનલ તથા બેટરી માટેની સૌથી મોટી વિશ્વ બજાર બની જશે. ભુપેન્દ્ર યાદવને મળ્યા બાદ હવામાનનાં પ્રશ્ને ચર્ચા કરવા માટે જોન કેરીએ વિદેશ મંત્રી એસ.જે.શંકર અને કેન્દ્રનાં રીન્યુએબલ એનર્જી મંત્રી આર.કે.સીંગની પણ મુલાકાત લીધી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન મોદીને આવકારવા માટે અમેરિકાનું વહીવટીતંત્ર આતુર છે. બંને દેશો સાથે મળીને હવામાન સુધારણાનાં પગલાની રૂપરેખા તૈયાર કરશે. વાતાવરણમાં કાર્બનનું ઉત્સર્જન ઓછામાં ઓછું થાય

અને બંને દેશોનાં અર્થતંત્રને તથા ખાસ કરીને ઉર્જા ક્ષેત્રને ફાયદો થાય તે માટેનો માર્ગ નક્કી કરવામાં ભારતને મદદ મળશે. ભારતનો ૪૫૦ જી.ડબ્લ્યુ રીન્યુએબલ ઉર્જાનો લક્ષ્યાંક પરીપૂર્ણ કરવા માટે અમેરિકા સહયોગ આપશે.(૨.૧૨)

જસદણના ઉદ્યોગપતિ કેતનભાઇ ગોટીનો આજે જન્મદિવસ

જસદણના કડવા પાટીદાર સમાજના યુવા ઉદ્યોગપતિ કેતનભાઇ શંભુભાઇ ગોટી આજે પોતાની જીવનયાત્રાના ૪૧ વર્ષ પૂર્ણ કરી ૪૨ વર્ષમાં પ્રવેશ કરતાં સવારથી જ રાજકીય, સેવાકીય, શૈક્ષણિક, વૈદકીય, સામાજિક, ધાર્મિક સહિતની વિવિધ સંસ્થાઓના આગેવાનો પ્રતિનિધિઓ અને કાર્યકરો દ્વારા વિવિધ માધ્યમો પર અભિનંદનની વર્ષા થઇ રહી છે. તેમના મો. ૯૯૨૪૧ ૨૧૮૧૧ પર શુભેચ્છકો શુભેચ્છા પાઠવી રહ્યા છે. કેતનભાઇને 'સૌરાષ્ટ્ર ક્રાંતી'પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play SK NEWS સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

કરોડોના ખર્ચે રોડ રસ્તા બનાવવા છતાં

સ્માર્ટ સિટી રાજકોટમાં હાડકા ભાંગીજાય તેવા ખાડા પડી ગયા!

પ્રિ-મોન્સુન કામગીરીના જેટલા વખાણ કરીએ એટલા ઓછા, મનપાતંત્રની પોલ ખોલી નાખતા મેઘરાજા

(અહેવાલઃ પરાગ જાટીયા)
(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૧૪

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદથી આગાહીને પગલે વરસાદ વરસી રહયો છે. ગઇકાલે સોમવારના રોજ રાજકોટમાં સવારથી ૬ કલાકમાં ૧૦ ઇંચ કરતા વધુ વરસાદ પડવાથી ચારેબાજુ નદીઓ વહેવા લાગી હતી. અને ચારે બાજુ પાણી પાણી જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આ ભારે વરસાદને પગલે આજી નદી પણ બે કાંઠે વહેતી હતી. નીચાણવાળા વિસ્તારોમાં લોકોને રેસક્યુ પણ કરવામાં આવ્યા હતા.મનપા તંત્ર દ્વારા પળે પળની વિગતો મેળવી રહી હતી. મેયર સહિતના અધીકારીઓ ફિલ્ડમાં ઉતરી ગયા હતા.

આ ભારે વરસાદે રાજકોટ મનપાની પોલ ખોલી નાખી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે.રાજકોટ શહેરમાં વિદાય લેતા ચોમાસામાં મેઘરાજાએ પૂરી તાકાત સાથે દમામદાર આગમન કરી આખા રાજકોટની ધરતીને અને આસપાસના વિસ્તારોને પાણી જ પાણી કરી નાખ્યા છે અને દર વર્ષની જેમ આ વર્ષે પણ મેઘ તાંડવના પગલે ફરી એના એજ જૂના દ્રશ્યનું પુનરાવર્તન થતુ દેખાય છે અને ફરી એક વખત મનપા હોય કે પોલીસ કે જિલ્લા વહીવટી તંત્ર તમામ સરકારી વિભાગોની નબળી અને ફાલતુ પ્રીમોન્સુન કામગીરીની પોલ ઉઘાડી પડી ગઇ છે અને નિચાણવાળા વિસ્તારો સહિત શહેરના આધુનિક ગણાતા વિસ્તારોમા કોઇ ચોક, કોઇ માર્ગ કે કોઇ ગલી એવા બાકી રહયા નથી જયાં જળબંબાકાર સર્જાયો ન હોય.

રાજકોટ જેવા વિકસતા જતા મહાનગરમાં કોઇ ચોક કે કોઇ ગલ્લી એવા નથી જયાં જળબંબાકાર થયો ન હોય

દર વખતે ચોમાસા પહેલા સાવ ખોખલા ગણાતા એવા દાવા મોટા પાયે કરવામાં આવે છે કે, પ્રી મોન્સુન કામગીરી સફળતા પુર્વક કરી નાખવામાં આવી છે. ચોકળાઓની સફાઇ થઇ ગઇ છે, ઠેરઠેર કચરાના ગંજ ઉપાડી લેવામાં આવ્યા છે. પરંતુ જેવો જોરદાર વરસાદ ત્રાટકે એટલે આ તમામ કામગીરી હવા થઇ જાય છે અને તંત્રની પ્રીમોન્સુન કામગીરીની પોલ મેઘરાજા ઉઘાડી પાડી દે છે.

દર વર્ષે ચોમાસા પૂર્વે પ્રિ-મોન્સુનની કામગીરી કરવા છતાં પરિસ્થિતિ જૈસે થે જેવી!

ગઇકાલે વરસેલા વરસાદથી શહેરના અનેક રાજમાર્ગો પર ખાડા પડી ગયા છે. મેઘરાજાએ તંત્રની પોલ ખોલી નાખી છે. કરોડોનો ખર્ચો કરવા છતા સ્માર્ટ સિટી રાજકોટમાં હાડકા ભાંગીજાય તેવા ખાડા પડી ગયા છે. પ્રિ-મોન્સુન કામગીરીના જેટલા વખાણ કરીએ એટલા ઓછા છે. આ મસમોટા ખાડાઓનો સામનો હવે શહેરીજનો કરી રહ્યા છે. રસ્તાની ગુણવતા ઉપર પર પણ પ્રશ્ન ઉભા થઇ રહ્યા છે. કે જો સારી ગુણવતા હોય તો આટલા મોટા ખાડાઓ પડવાની શક્યતા નહીવત છે.

આપણે શું આપણા શહેરને કઇ રીતે સ્માર્ટ શહેર કહી શકીએ. વિકસીત શહેરના કદી આવા બેહાલ થતા નથી પણ તંત્ર વાહકોની પાસે ચોમાસાનું કોઇ જ નક્ક આયોજન હોતો નથી એ દુઃખ સાથે કહેવું પડે છે.

મહાનગરપાલિકાની ફુડ શાખા દ્વારા

શંકાનાં આધારે સીઝ કરેલ ખાદ્યતેલમાંથી લીધેલ નમુનો નાપાસ

તંત્ર દ્વારા સોનિયા ટ્રેડર્સમાંથી સનફલાવર ઓઈલનાં ૩૯૫ ટીન જેની કિંમત અંદાજીત રૂ.૯,૮૩,૨૧૮ નો જથ્થો સીઝ કરેલ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૪

મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શંકાના આધારે સીઝ કરેલ ખાદ્યતેલમાંથી નમુનો લેવામાં આવ્યો હતો. તે નાપાસ થયો છે. ગત તા.૫-૭ નાં રોજ આર.ટી.ઓ પાસે જુનું માર્કેટિંગ યાર્ડ ખાતે આવેલ સોનિયા ટ્રેડર્સ નામની પેઢીમાંથી શંકાના આધારે સનફલાવર ઓઈલ (૧૫ કિ.ગ્રા. પેકેટ ટીન) નાં કુલ ૩૯૫ ટીન જેની કિંમત અંદાજીત રૂ. ૯,૮૩,૨૧૮ નો જથ્થો સીઝ કરવામાં આવેલ. જે માંથી એફ.એસ.એસ.એ-૨૦૦૬ અન્વયે સદર નમુનો એનાલીસીસ અર્થે લીધેલ, ફૂડ એનાલીસ્ટનાં અભિપ્રાય મુજબ સબસ્ટાન્ડર્ડ જાહેર કરેલ. નાપાસ થવાનું કારણ દર્શાવાયું છે કે, અન્ય હલકી કક્ષાનાં ખાદ્યતેલની ભેળસેળ હતી.

મોદક લાડુ (લુઝ) સ્થળ અશોક ડેરી ફાર્મ, સહકાર મેઈન રોડ, ચોકલેટ લાડુ(લુઝ) સ્થળ બાપા સિતારામ ડેરી ફાર્મ, હરીધવા રોડ સ્થળેથી નમુના લીધેલ હોવાનું મનપા દ્વારા જણાવાયું છે.(૧.૧૨)



ભાવનગરમાં જુગાર રમતા ૧૧ શખ્સો ઝડપાયા

ભાવનગર, તા. ૧૪

ભાવનગર શહેરમાંથી એલસીબી પોલીસે જુગાર રમતા ૧૧ શખ્સોને ઝડપી લીધા હતા.ભાવનગર એલસીબી પોલીસના હેડ કોન્સ. વનરાજભાઈ ખુમાણને બાતમીરાહે હકીકત મળેલ કે, ભાવનગર, કુંભારવાડા, નારી રોડ, અવેડા પાસે, રામદેવનગર, શેરી નં.૨, મઢુલી ચોક, શિહોરી કૃપા પ્રોવિઝન સ્ટોર પાસે આવેલ જાહેર જગ્યામાં સ્ટ્રીટ લાઇટનાં અંજવાળે અમુક માણસો ભેગા થઇ ગોળ કુંડાળુ વળી ગંજીપતાનાં પાનાં વડે તીનપતીનો હારજીતનો જુગાર રમે છે.

જે જગ્યાએ રેઇડ કરતાં નીચે મુજબના નામવાળા જુગાર રમતાં ઇસમો ગંજીપતાનાં પાના તથા રોકડ રૂ.૭૨,૧૦૦/-નાં મુદ્દામાલ સાથે મળી આવેલ.

મુન્નાભાઇ માવજીભાઇ જમોડ(ઉ.વ.૨૭) અલ્પેશ ભરતભાઇ જાંબુચા (ઉ.વ.૨૫) વિશાલભાઇ બળવંતભાઇ બારૈયા (ઉ.વ.૨૫) મેહુલ હિમતભાઇ બારૈયા(ઉ.વ.૨૧) સંજય રૂપાભાઇ સાંકળીયા(ઉ.વ.૨૪) અશ્વિનભાઇ ટીડાભાઇ કાનાણી (ઉ.વ.૨૧) મુન્નાભાઇ ગોરધનભાઇ ગોહિલ(ઉ.વ.૩૩) મહેશ રમેશભાઇ રાઠોડ(ઉ.વ.૧૯) સંજય રમણભાઇ બારૈયા (ઉ.વ.૨૫) હિતેશ ચંદુભાઇ બારૈયા (ઉ.વ.૩૭) અજય પ્રવિણભાઇ બારૈયા(ઉ.વ.૨૦) રહે. તમામ રામદેવનગર, કુંભારવાડા, ભાવનગરનો સમાવેશ થાય છે.

આ કામગરીમાં લોકલ ક્રાઇમ બ્રાન્ચનાં પોલીસ ઇન્સ. વી.વી.ઓડેદરા તથા એન.જી.જાડેજા ની સુચના અને માર્ગદર્શન અનુસાર પો.હેડ કોન્સ. વનરાજભાઇ ખુમાણ, મહિપાલસિંહ ગોહિલ, રાજપાલસિંહ સરવૈયા,રાજેન્દ્રસિંહ સરવૈયા, ભયપાલસિંહ સરવૈયા તથા જયરાજસિંહ જાડેજા વિગેરે સ્ટાફનાં માણસો જોડાયા હતાં.(૯.૧૩)

ડો.ગુલાબસિંહની દંડવત યાત્રા પૂર્ણ થઇ

ચારણાચારનાં પથ પર ચાલોઃ આઈશ્રી દેવલમાં

ડો. ગુલાબસિંહને 'ભકત રાજ'નું બિરૂદ આપતા આઇશ્રી દેવલમાં

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
જેસલમેર, તા.૧૪

જેસલમેરથી ૧૨૦ કિ.મી. દૂર બોર્ડર પર આવેલ વિશ્વ વિખ્યાત તનોટરાય (આવડમાં) મંદિર ખાતે ડો.ગુલાબસિંહની દંડવત યાત્રાનું સમાપન તા.૧૨ નાં રોજ કરવામાં આવ્યું. ૧૦૬૦ કિ.મી. લાંબી દંડવત યાત્રા ૨ વર્ષનાં અંતે પૂરી થઇ. આ સમાપન સમારોહમાં આઇશ્રી દેવલમાં (બલીયાવડ જૂનાગઢ) ખાસ ડો.ગુલાબસિંહને આશિર્વાદ આપવા પધાર્યા હતા. છેલ્લા બે વર્ષથી ચાલતી દંડવત યાત્રા તા.૧૨ નાં સમાપ્ત થઇ. સમાપન સમારોહમાં આઇશ્રી દેવલમાં (બલીયાવડ જૂનાગઢ) પ્રતાપપૂરી મહારાજ તારાતરા મઠનાં મહંત (બાડમેર) જુના અખાડા બાલેઠાના મહંતશ્રી તેમજ અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ સી.ડી.દેવલ સાહેબ, મહામંત્રી મોમાયાભા ગઢવી (ડાયરેક્ટર ખાદી ગ્રામ ઉદ્યોગ ગુજરાત), ઉપાધ્યક્ષ અશોકભાઈ ગઢવી (તંત્રીશ્રી સૌરાષ્ટ્ર કાંતી રાજકોટ), જીતુભાઈ ગઢવી (પ્રમુખ ગઢવી સમાજ બરડા, ગીર આલેચા) તેમજ અનેક મહેમાનો હાજર રહેલ. ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૯ થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી બે વર્ષ ચાલેલ દંડવત યાત્રા, જયપુરથી શરૂ થઇ ખુદડી (ઇન્દુબાઈમાં), દેશનોક (કરણીમાતા), સાઠીકા (કરણીમાતા), સુવાય (કરણીમાતા), રામદેવરા (રામદેવજી), દેગરાય (આવડમાતા), તેમડેરાય (આવડમાતા), ધટીપાલી (આવડમાતા), તનોટરાય (આવડમાતા) નાં આમ ૧૦૬૦ કિ.મી. ની દંડવત યાત્રાનું સમાપન કરવામાં આવ્યું. તનોટરાય ખાતે મોટા માનવ મહેરામણ વચ્ચે આઇશ્રીમાં દેવલમાં નાં આશિર્વાદ સાથે યાત્રાનું સમાપન કરવામાં આવ્યું.

આઇશ્રી દેવલમાં એ સમાજ ઉત્થાનની વાત મૂકી ચારણાચાર પર ચાલવા લોકોને હાકલ કરીને ગુલાબસિંહને ભકતરાજનું બિરુદ આપ્યું. પ્રતાપપૂરી બાપુએ હિન્દુધર્મ જીવંત રાખવાની વાત કરી મોમાયાભાએ હિન્દુધર્મનાં સરક્ષણ તેમજ હિન્દુધર્મ વિશે વાત કરી જાગૃત રહેવા અપીલ કરી. સી.ડી.દેવલ સાહેબ દ્વારા ડો.ગુલાબસિંહને હઠયોગી કહી સંબોધી નવાજવામાં આવ્યા. હજારો માણસોની હાજરીમાં દંડવત યાત્રાની પુર્ણાહુતી થઇ લોકો ભક્તિમય વાતાવરણમાં રંગેચંગે આનંદ ઉત્સાહનાં માહોલ વચ્ચે યાત્રાપૂર્ણ કરવામાં આવી.

રાજકોટની પેલીકન ફેકટરીના માલિકની લાશ ૨૪ કલાક પછી મળી

પાછળની સીટમાં લાશ મળી, ડ્રાઇવર લાપતા

(અમારા પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ:તા.૧૪

રાજકોટ જિલ્લામાં ગઈકાલે મેઘ તાંડવ સર્જાયો હતો. જેમાં ખીરસરા ગામ પાસે આવેલા છાપરા ગામ નજીક પેલિકન ફેક્ટરીના માલિકની કાર પાણીના વહેણમાં તણાઈ હોવાનાં દશ્યો સામે આવ્યાં હતા.જેમાં પેલીકન કંપનીના માલિક કિશન શાહ સહીત ૩ લોકો કારમાં સવાર હતા, જે પૈકી એક વ્યક્તિને કારમાંથી સલામત રીતે બહાર કાઢવામાં આવી છે, જ્યારે કારની અંદર રહેલી અન્ય બે વ્યક્તિની શોધખોળ છેલ્લા ૨૪ કલાકથી કરવામાં આવી રહી છે. જે દરમિયાન સવારના ૬ વાગ્યાથી પોરબંદર નેવીની ટીમને સર્ચ ઓપરેશન દરમિયાન પેલીકન ફેક્ટરીના માલિક કિશનભાઈ શાહનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે તેમની કાર ૫૦૦ મીટર દૂર કાદવમાં ખુપાયેલી મળી આવી હતી. તેમનો ડ્રાઇવર હજુ પણ લાપતા છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, પેલિકન ગ્રુપના માલિક કિશનભાઈ શાહ (ઉં.વ.૫૦), તેમના ડ્રાઇવર અને અન્ય ત્રણ વ્યક્તિ સવારે શ-૨૦ કારમાં છાપરા ગામે આવેલી પોતાની ફેક્ટરીએ જવા નીકળ્યા હતા. આ પાંચેય લોકો જ્યારે આણંદપર-છાપરા ગામે આવેલા બેઠા પુલ પર પહોંચ્યા ત્યારે પાણીનો ધસમસતો પ્રવાહ વહી રહ્યો હતો. આ વેળાએ ડ્રાઇવરે આગળ જવાની ના પાડવા છતાં કિશનભાઈ શાહે કાર હંકારવા કહ્યું હતું, જેને કારણે કારમાં બેઠેલી બે વ્યક્તિ ત્યાં જ ઊતરી ગઈ હતી અને ડ્રાઇવરે કાર હંકારી મૂકી હતી.

તંત્રી સ્થાનેથી...

ખમૈયા કરો મેઘરાજા....

ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વરસતા ક્યાંક ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી છે તો ક્યાંક વધારે પડતા વરસાદના કારણે તારાજીના દ્રશ્યો સર્જાયા છે. ગત ૨૪ કલાકમાં રાજ્યનાં ૧૯૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે. ૨૦ તાલુકામાં ૪ ઇંચથી વધુ વરસાદ તો સૌથી વધુ રાજકોટના લોધિકામાં ૨૦.૫ ઇંચ વરસાદ ખાબકયો છે. જ્યારે જામનગરના કાલાવાડમાં ૧૫.૫ ઇંચ અનરાધાર વરસાદ વરસ્યો છે. આ સાથે ૮૩ તાલુકામાં ૧ ઇંચ કે તેથી વધુ વરસાદ વરસ્યો હતો. આ સ્થિતિમાં સૌરાષ્ટ્રમાં આજે રેડ અલર્ટ આપવામાં આવ્યું છે.

રાજકોટ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં ૪થી ૨૩ ઇંચ સુધી અતિ ભારે ધોધમાર વરસાદ વરસ્યો હતો તો અન્ય જિલ્લાઓમાં પણ ૧થી ૪ ઇંચ મેઘવર્ષા થઈ છે. સાંજે પણ વરસાદનું જોર યથાવત રહ્યું છે. વરસાદના પગલે સૌરાષ્ટ્રમાં ઠેરઠેર માર્ગ વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો, એસ.ટી.-રેલવે વ્યવહાર પણ ખોરવાયો છે. આજે ૨૪ કલાકમાં જૂનાગઢ, રાજકોટ, જામનગરમાં અતિભારે વરસાદની આગાહી છે અને રેડ એલર્ટ છે. દેવભૂમિ અને દ્વારકા, પોરબંદરમાં અતિભારે વરસાદની સંભાવના છે. આ ઉપરાંત ગીરસોમનાથ અને અમરેલીમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. જામનગર-રાજકોટ-જૂનાગઢમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે.

જામનગર પર જાણે કે મેઘરાજાએ કહેર વર્તાવ્યો હોય તેમ રવિવાર રાતથી સોમવાર સુધી મુશળધાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને પગલે જામનગર જિલ્લાનાં અનેક ગામોમાં જળબંબાકારની સ્થિતિ હતી. જલપ્રલયને કારણે જામનગરનું ધુંવાવ ગામ પાણીમાં ગરકાવ થઇ ગયું હતું અને ૨૪ કલાકના જળતાંડવે ભારે તબાહી નોતરી છે. પૂરથી અસરગ્રસ્ત થયેલા લોકોએ રડમસ આખે કહ્યું હતું કે પાણી આવી ગયું અને ઘર ધોવાઈ ગયું. તમામ ઘરવખરી પાણીમાં વહી ગઇ છે. જીવન પૂર્વવત થાય એ માટે ગ્રામજનો ત્વરિત ધોરણે સહાય કરવામાં આવે તેવી અરજ કરી છે. ગામના મોટાભાગના ઘરોમાં વરસાદી પાણીના ભરાઈ જવાના કારણે ઘરોમાં કાદવ જામી ગયા છે. પૂરના પાણીથી ઘરોને ભારે નુકસાન પહોંચ્યું છે. ગામના રસ્તાઓ પણ નજર ફેરવો તો નુકસાનીના મંજર જોવા મળી રહ્યાં છે. ધુંવાવ તાલુકા શાળા પાણીમાં ગરકાવ થઇ ગઇ હતી. શાળા કાદવથી ખદબદી રહી છે. ગ્રામજનો ભયાવહ માહોલમાંથી બહાર આવી પોતાના જીવનને પુનઃ ધબકતું કરવા માટે કામે લાગી ગયા છે અને જાતે જ ગામમાં સફાઇ કામગીરી શરૂ કરી દીધી છે. ખેતરો નદીમાં ફેરવાઈ ગયા છે. ત્યારે હવે સૌ લોકો મેઘરાજાને એવી પાર્થના કરી રહ્યા છે કે હવે મેઘરાજા ખમૈયા કરો....

વસંત કુંજ સાઈટમાં પાણી ભરેલા ખાડામાં અકસ્માતે પડી ગયેલા બાળકનું ડૂબી જતાં મોત

નેપાળી પરિવારના પાંચ વર્ષીય બાળકનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૪

શહેરના પુષ્કરધામ મેઈન રોડ પર વસંત કુંજ સાઇટ પર વરસાદી પાણી ભરાયેલા ખાડા પાસે શૌચક્રીયા કરવા ગયેલા પાંચ વર્ષીય બાળકનું અકસ્માતે ડૂબી જવાથી મોત નિપજતા નેપાળી પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પુષ્કરધામ મેઈન રોડ પર શાક માર્કેટ પાસે વસંત કુંજ સાઈટમાં રહેતા કડીયા કામ કરતા નેપાળી પરિવારનો પુત્ર રોહિત યમરાજ ભાટ (ઉ.વ.૫) એ બપોરના શૌચક્રીયા કરવા માટે વરસાદી ભરેલા ખાડા પાસે ગયો હતો.

જ્યાં અકસ્માતે પગ ખાડામાં લપસી પડતા ડૂબી જવાથી બાળકનું મોત નિપજ્યુ હતું. નેપાળી પરિવારની શોધખોળ બાદ મૃતદેહ ખાડામાંથી તરતો મળી આવ્યો હતો.

બનાવ અંગેની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ અજયસિંહ ચુડાસમાએ ઘટના સ્થળે દોડી જઇ મૃતદેહને પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.(૫.૧૩)

કાગદડી ગામે પાણીના પ્રવાહમાં કાર તણાઈ ; વૃદ્ધાનું મોત - ત્રણનો બચાવ

ગ્રામજનોએ દોરડાથી કારને બાંધી દંપતી સહિત ત્રણને બચાવી લીધા,પાણીમાં કાર પલ્ટી મારી જતાં વૃદ્ધાનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં ૧૮ ઈંચ વરસાદ ખાબકતા ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા. જેમાં વરસાદી માહોલ વચ્ચે કાગદડી ગામે દવા લેવા ગયેલા પડધરીના ન્યારા ગામના ભરવાડ પરિવારની સેન્ટ્રો કાર તણાઈ જતા વૃદ્ધાનું મોત નીપજ્યું હતું. અન્ય ત્રણ સભ્યોનો આબાદ બચાવ થયો છે.

કાગદડી ગામના ઝાપા પાસે ધસમસતા પૂરના પાણીમાં પડધરીના ન્યારા ગામના ભરવાડ પરીવારની સેન્ટ્રો કાર પાણીમાં તણાઈ જતા ગામલોકોની મદદથી કારમાં સવાર ચાર લોકોમાંથી ઉને બચાવી લેવામાં આવ્યા હતા અને મણીબેન મૈયાભાઈ ગમારા(ઉ.વ.૬૨) કારમાંથી નહી નિકળી શકતા અને પાણી જવાના કારણે તેમનું મૃત્યુ થયું હતું. પૂરના પાણીમાં કારને દોરડાથી બાંધવામાં આવી હતી પરતું પાણીનો પ્રવાહ જોરદાર હોવાથી કાર પાણીમાં પલ્ટી ખાઈ ગઈ હતી તેના કારણે વૃધ્ધાનું મોત નિપજ્યું હતું.

જ્યારે કાનાભાઈ મૈયાભાઈ ગમારા (ઉ.વ ૩૫), ધારા અઠા ગમારા (ઉ.વ ૪૨), વનીબેન ગમારાનો આબાદ બચાવ થયો હતો. ભરવાડ પરિવાર કાગદડી ગામે દવા લેવા જતા અકસ્માતે કાર પાણીમાં તણાઈ હતી. બી ડિવિઝન પોલીસે મૃતદેહને પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.(૫.૧૩)

જેતપુરમાં કારમાંથી ૮૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો : ચાલક ફરાર

જેતપુર પોલીસની કામગીરી : વાહન ચેકીંગ દરમ્યાન કાર ભગાડી મુકતા પોલીસે પીછો કરી દારૂ પકડી પાડયો : ચાલકની શોધખોળ હાથ ધરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા. ૧૪

જેતપુરના સાંકળી ગામના પાટીયા પાસે વાહન ચેકીંગ દરમ્યાન પોલીસને ચકમો આપી નાશી છુટેલી કારમાંથી ૮૦૦ લીટર દેશી દારૂ રૂા. ૧૬ હજારનો મુદામાલ મળી આવ્યો હતો. જયારે કાર ચાલક ફરાર થઇ જતા જેતપુર તાલુકા પોલીસે શોધખોળ હાથ ધરી હતી.

બનાવની વિગત મુજબ જેતપુર તાલુકા પોલીસ મથકના પીએસઆઇ એ.એન.ગાંગણા તેની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતી.

ત્યારે તેની સાથેના ચેતનભાઇ ઠાકોર અને સ્ટાફ જેતપુરના સાંકળી ગામના પાટીયા પાસે ઉપસાંકળી ગામથી પરબડી જવાના રસ્તા પર વાહન ચેકીંગ કરી રહ્યા હતા ત્યારે ત્યાંથી પસાર થયેલ ઝોન એસ્ટીલો કાર નં. જીજે ૨૪એ ૩૩૩૬ને અટકાવવાનો પ્રયાસ કરતા કાર ચાલકે કાર ભગાડી મુકીને સાંકળી ગામના પાટીયા પાસે કાર મુકીને નાશી છુટયો હતો. પોલીસે રેડી પડેલ કારની તપાસ કરતા તેમાંથી ૮૦૦ લીટર દેશી દારૂ રૂા. ૧૬ હજારનો મુદામાલ મળી આવતા કબ્જે કર્યો હતો.

તેમજ કાર ચાલક ફરાર થતા જેતપુર પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી.(૯.૧૩)

અમરેલી ખીજડીયા ગામે યુવકનો આપઘાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકાનાં ખીજડીયા (જંકશન) ગામે રહેતા રમેશભાઈ બભચુભાઈ આડેસરા નામનાં ૫૭ વર્ષીય આધેડ બે દિવસ પહેલા કયાંય જતાં રહેલ. ગઈકાલે ખીજડીયા (જંકશન) ગામે આવેલ રેલ્વે સ્ટેશન પાછળ અવાવરૂ બંગલામાં લીંમડાની ડાળીએ ઓછાડ ફાડી દોરડા જેવું બનાવી કોઈ અગમ્ય કારણોસર ગફલાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.



રામપુર ગામે આડા સબંધનાં કારણે યુવકને ૪ વ્યકિતઓએ માર મારી કરી ઈજા વડિયા તાલુકાનાં રામપરુ ગામે રહેતા રવજીભાઈ કાનાભાઈ મકવાણા નામનાં ૩૫ વર્ષીય યુવકનાં દીકરા રાહુલભાઈને તોરી ગામે સંજયભાઈનાં પત્નિ સાથે સબંધ હોય. જેના કારણે તોરી ગામે રહેતા નરેન્દ્રભાઈ સનાભાઈ મવકાણાએ આ યુવકને ધમકી આપી મનુભાઈ મકવાણા સહિત ૩ લોકો મોટર સાયકલ ઉપર આવી યુવકને લોખંડના પાઈપ, કુહાડી વડે માર મારી હાથમાં ફેકચર જેવી ઈજા કર્યાની ફરિયાદ વડિયા પોલીસમાં નોંધાઈ છે. (૯.૧૩)

ભારે વરસાદના પગલે તંત્ર સ્ટેન્ડ ટુ

રાહત બચાવની કામગીરી માટે એન.ડી.આર.એફ, તરવૈયા,એરફોર્સ સહિતની ટીમ રવાના

કલેકટરના સંપર્કમાં રહીને આપી રહ્યા છે સમગ્ર પરિસ્થિતિનો અહેવાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૪

રાજકોટ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિને પગલે જિલ્લા તેમજ ગ્રામ્ય કક્ષાએ કલેકટર અરૂણ મહેશ બાબુ, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી તેમજ નગરપાલિકા વિસ્તારમાં પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશ્નર દેખરેખ રાખી રહ્યા છે.

જિલ્લાના ભાદર, આજી-૩ અને ન્યારી-૨ ડેમ ઓવરફ્લો થવાની તૈયારી હોવાથી આ વિસ્તારના નાગરિકોને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઘરની બહાર ન નીકળવા સૂચના આપવામાં આવી છે. ભાદર ડેમ ઓવરફ્લો થવાના કારણે વધારાનું પાણી ઉપલેટા શહેરમાં જવાની શકયતા હોવાથી ઉપલેટા શહેરના નાગરીકોને પણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઘર બહાર ન નીકળવાની સૂચના આપવામાં આવી છે. ભાદર ડેમના ૭ દરવાજા ૭ ફૂટ ખોલવામાં આવ્યા છે. જ્યારે આજી-૩ અને ન્યારી-૨ ડેમના દરવાજાઓ ઓવરફ્લોને કારણે આજે સાંજે ખોલવામાં આવશે.કાગદડી ગામે એક કાર મોટરમાં ફસાયેલા ૪ વ્યક્તિઓ પૈકી ત્રણ વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા છે, કોટડાસાંગાણી તાલુકાના હડમતાળા-રાજગઢ માર્ગ ભારે વરસાદને કારણે ધોવાઇ જવા પામ્યો છે, અને પાડવી ગામનો રસ્તો બંધ થયેલ છે. રાજકોટ-અમદાવાદ હાઇવે પરનું નાળું ધોવાઇ જતાં જીવાપર ગામનો રસ્તો બંધ થયેલ છે. લોધિકા તાલુકાના વાજડી-ચાંદલી રસ્તો બંધ થયેલ છે. લક્ષ્મી ઇંટાળા ગામે એક મકાન પડી ગયેલ છે.

ભારે વરસાદને કારણે પડધરી-જામનગર હાઇવે બંધ છે. ગોંડલ તાલુકાના વોરાકોટડા ગામે કોઝવેને કારણે રસ્તો બંધ થયેલ છે.

ગોંડલ શહેરમાં ૨૫૦ નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. જ્યારે ખીરસરા ગામે ફસાયેલી ગાડીમાં ત્રણ વ્યક્તિઓ હતા જે પૈકી એક વ્યક્તિ બચી ગયેલ છે અને અન્ય બેની શોધખોળ ચાલુ છે. દર કલાકે પ્રાંત અધિકારીઓ અને મામલતદારો કલેકટરના સંપર્કમાં રહીને પરિસ્થિતિનો અહેવાલ મોકલી રહ્યા છે.

બપોરે ૩ વાગ્યા સુધીમાં લોધિકામાં ૨, રાજકોટ શહેરમાં ૧ અને ઉપલેટામાં ૧ મળીને કુલ ૪ મૃત્યુ નોંધાયા છે.

જ્યારે પડધરી તાલુકાના ૫, કોટડા સાંગાણી તાલુકાના ૩ અને ઉપલેટા તાલુકાના ૨ ગામોમાં પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે.

ગોંડલ તાલુકાના કોલીથડ અને વેજલપર ગામે પુરની પરિસ્થિતિને કારણે ફસાયેલા લોકો માટે જામનગરથી એરફોર્સની ટીમ મંગાવવામાં આવી છે. જ્યારે અલંગથી પાંચ બોટ અને ગોંડલથી ૧૫ તરવૈયાઓ ધોરાજી શહેર માટે અને રાજકોટ સીટી માટે રાહત બચાવની કામગીરી માટે મંગાવવામાં આવ્યા છે.

આ ઉપરાંત વડોદરા અને બનાસકાંઠા ખાતેથી એન.ડી.આર.એફ.ની ટીમ રાજકોટ ખાતે ટૂંક સમયમાં પહોંચી રહી છે, તેમજ પંજાબના ભટિંડા ખાતેથી હવાઈ માર્ગે એન.ડી.આર.એફ.ની ટીમ રાજકોટ ટૂંક સમયમાં આવી પહોંચનાર છે.(૪.૧૩)

વઢવાણમાં બે માસથી ફરાર લૂંટનો આરોપી ઝડપાયો

વઢવાણ, તા.૧૪

સુરેન્દ્રનગર પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા નાયબ પોલીસ અધિક એચ.પી.દોશીના માર્ગદર્શન મુજબ વઢવાણ પો.સ્ટે. ગુર. નં. ૧૧૨૧૧૦૫૫૨૧૦૪૮૭/૨૦૨૧ આઇપીસી કલમ ૩૯૨, ૫૦૬ (૨), ૧૧૪ મુજબના કામોનો આરોપી ભવાનીસિંહ ઉર્ફે ભોટુ નરેન્દ્રસિંહ ઉર્ફે કાળુભા મોરી તથા આરોપી કરણ ઉર્ફે બુધી ખુશાલભાઇ મોરી રહે બન્ને લાખુપોળ લીમલી પા. તા. વઢવાણ વાળાઓએ ગઇ તા. ૭/૭/૨૦૨૧ના રોજ ફરિયાદી તથા સાહેદના લમણે નાની રીવોલ્વર જેવું લાઇટર મુકી ફરીના રૂ. ૨૦,૫૫,૦૦૦ની લૂંટ કરી નાશી ગયેલ હોય. જે બન્ને આરોપી છેલ્લા ૨ માસથી નાશતા ફરતા હોય. જે હ્યુમન સોર્સ ટેકનીકલ સોર્સની મદદ મેળવી આરોપીની હકીકત મેળવી લુંટમાં ગયેલ રૂપિયા પૈકી રૂ. ૧૪,૮૪,૯૦૦ તથા રીવોલ્વર જેવું લાયટર કબ્જે લુંટનો બાકીનો મુદ્દામાલ રૂપિયા રિકવર કરવા ધોરણસર કાર્યવાહી ચાલુ છે. આ કામગીરીમાં (૧) ડી.ડી.ચુડાસમા પો.સબ.ઇન્ઃ. (૨) વિનોદભાઇ પિતામ્બર એ.એસ.આઇ. (૩) પ્રદ્યુમનસિંહ ગંભીરસિંહ (૪) રવિન્દ્રસિંહ જેમુભા (૫) કરણસિંહ રાયસંગભાઇ (૬) વિજયસિંહ માલાભાઇ રથવી (૭) ગિરીરાજસિંહ ઉદેસિંહ રોકાયા છે.(૯.૧૩)

જસદણ પાસે શ્વાન આડુ ઉતરતા બાઈક સ્લીપ થતાં વિંછીયાના યુવકનું મોત

બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા અરેરાટી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

જસદણ, તા.૧૪

જસદણમાં લીલાપુર રોડ પર આવેલ જીનીંગ પાસે જસદણ સાઈડથી વિંછીયા તરફ જતા બાઈકને આડું કુતરૂં ઉતરતા બાઈક સ્લીપ થતા બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, વિંછીયામાં બોટાદ રોડ પર આવેલ વાડીએ રહેતો અને સિમેન્ટ પ્રોડકશનનું તેમજ ખેતીકામ કરતો વરૂણ સવશીભાઈ રાજપરા(ઉ.વ.૩૦) સોમવારે સાંજના પોતાનું બાઈક લઈને એકલો જસદણ સાઈડથી વિંછીયા તરફ જઈ રહ્યો હતો.

ત્યારે જસદણથી થોડે દુર લીલાપુર રોડ પર આવેલ જીનીંગ પાસે પહોંચતા અચાનક તેના બાઈક આડે કુતરું ઉતરતા તેણે બાઈક પરથી કાબુ બુમાવી બેસતા બાઈક સ્લીપ થઈ ગયું હતું અને યુવાન રોડ પર પટકાયો હતો.

જેમાં યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

જોકે આ અકસ્માતના પગલે સેવાભાવી લોકો એકઠા થઈ ગયા હતા અને યુવાનને ખાનગી વાહન મારફત તાત્કાલિક જસદણની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે ત્યાં હાજર તબીબે યુવાનને મૃતક જાહેર કરતા મૃતકના પરિવારજનોમાં કરૂણકલ્પાંત મચી ગયો હતો. બાદમાં મૃતક યુવાનું પી.એમ. કર્યા બાદ તેની લાશને પરિવારજનોને સોંપવામાં આવી હતી.

મૃત્યુ પામનાર વરૂણ બે ભાઈઓ અને એક બહેનમાં સૌથી મોટો હતો તેમજ તેને સંતાનમાં એક ૩ વર્ષનો પુત્ર અને ૧ વર્ષની પુત્રી છે.

જોકે આ અકસ્માતના બનાવમાં બે નાના બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારજનોમાં કરૂણ કલ્પાંત મચી ગયો હતો. બાદમાં આ બનાવની જાણ થતા જસદણ પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો અને આગળની કાર્યવાહી આરંભી હતી.(૯.૧૩)

ગોંડલ નજીક ટ્રકમાંથી દારૂનો જથ્થો ઝડપાયોઃ ૧૯.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે

ગોંડલ તા. ૧૪

ગોંડલ નજીક નેશનલ હાઇ-વે પરથી સીટી પોલીસે ટ્રકમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી ૧૯.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ દરોડામાં ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરી પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગે મળતીવિગતો મુજબ ગોંડલ નજીક હાઇ-વે પરથી ટ્રકમાંથી પોલીસે જુદી-જુદી બ્રાન્ડની ૨૮૫૬ બોટલો પકડી પાડી છે. આ દરોડામાં દારૂનો જથ્થો તેમજ મોબાઇલ ટ્રક મળી કુલ ૧૯.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ દરોડાની કાર્યવાહી ગોંડલ સીટી પી.આઇ. એમ.આર. સંગાડા, પી. એસ.આઇ. બી.એલ.ઝાલા, પી.એસ. આઇ વી.કે. ગોલવેકર, પો. કોન્સ યુવરાજસિંહ જાડેજા, વિશાલભાઇ સોલંકી, મહેન્દ્રભાઇ ખીમસૂરિયા, યુવરાજસિંહ ગોહિલ, જયંતિભાઇ સોલંકી દ્વારા કરાવામાં આવી હતી.(૯.૧૩)

ડ્રાઇવરની ધરપકડઃ પોલીસ તપાસનો ધમધમાટ

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઇલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

OM CATRERS
Best Food For All Occasion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

રાજકોટમાં સવારે વરસાદ, બપોર પછી ઉઘાડ

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

PACKAGINGHUB
प्रोडकट आपका, सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

સપ્ટેમ્બર મહિનાના કાર્યક્રમોની જાહેરાત કરતા ગુણવંતભાઈ

સરગમ પરિવારના સભ્યો માટે નાટ્ય-શો અને સંગીત સંધ્યાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

સરગમ પરિવારનાં સભ્યો માટે મુંબઈનાં પ્રખ્યાત કલાકારોનાં નાટ્ય શો અને સંગીત સંધ્યાનું આયોજન જેન્ટસ કલબ, લેડીઝ કલબ, કપલ કલબ અને સિનીયર સિટીઝન કલબનાં સભ્યો માટે સપ્ટેમ્બર મહિનામાં બે કાર્યક્રમોની ગુણવંતભાઈ ડેલાવાળાએ જાહેરાત કરી છે. આ કાર્યક્રમમાં હેમુ ગઢવી નાટ્ય ગૃહમાં યોજાશે. સિનિયર સિટીઝન કલબના સભ્યો માટે તા.૧૯ ને રવિવારે ૪:૩૦ થી ૭:૩૦ દરમ્યાન નવા જુના ફિલ્મી ગીતોખની સંગીત સંધ્યા યોજવામાં આવી છે. મુંબઈના પ્રખ્યાત નાટ્ય શોનું આયોજન પણ તા.૨૫ ને શનિવારના રોજ કરવામાં આવ્યું છે. આ નાટય શોનો સમય ૪:૩૦ થી ૭:૩૦ રહેશે. સરગમ કપલ કલબના સભ્યો માટે તા.૧૮ ને શનિવારે ૮ થી ૧૧ દરમ્યાન નવા જુના ફિલ્મી ગીતોની સંગીત સંધ્યા યોજવામાં આવી છે.

કાર્યક્રમો હેમુગઢવી હોલ ખાતે યોજાશે

સરગમ કપલ કલબ માટે મુંબઈના પ્રખ્યાત આ નાટય શોનું આયોજન પણ તા.૨૫ ને શનિવારના રોજ કરવામાં આવ્યું છે. આ નાટય શોનો સમય ૮ થી ૧૧ રહેશે. લેડીઝ કલબ લેડીસ કલબના સભ્યો માટે તા.૧૮ ને શનિવારે ૩:૩૦ થી ૬:૩૦ સંગીત સંધ્યા યોજવામાં આવી છે. સરગમ લેડીઝ કલબના સભ્યો માટે મુંબઈના આ પ્રખ્યાત નાટયે શોનું આયોજન પણ તા.૨૪ ને શુક્રવારના રોજ કરવામાં આવ્યું છે. આ નાટય શોનો સમય ૩:૩૦ થી ૬:૩૦ રહેશે. સરગમ જેન્ટસ કલબના સભ્યો માટે તા.૧૯ ને શનિવારે ૮ થી ૧૧ દરમ્યાન નવા જુના ફિલ્મી ગીતોની સંગીત સંધ્યા યોજવામાં આવી છે. સરગમ જેન્ટસ કલબના સભ્યો માટે તા.૨૪ ને શનિવારના રોજ નાટય શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ નાટય શોનો સમય ૮ થી ૧૧ રહેશે. આ તમામ કાર્યક્રમોની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મીલેશભાઈ પટેલ, મિતેનભાઈ મહેતા, નાથાભાઈ કાલરીયા, લલીતભાઈ રામજીયાણી, ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલિયા, ગીતાબેન હિરાણી વગેરે જહેમત ઉઠાવી રહયા છે.(૧.૧૨)

આહીર સમાજ વૈચારિક ક્રાંતિ ગૃપ દ્વારા રાજકોટમાં

આહીર સમાજના કલાસ-૧, ૨ ના અધિકારીઓનો સન્માન સમારોહ યોજાયો

અધિકારીઓને પુષ્પગુચ્છ, શાલ અને મોમેન્ટોથી સન્માનિત કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

આહીર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપ - રાજકોટ દ્વારા GPSC દ્વારા પસંદ કરવામાં આવેલ આહીર સમાજના કલાસ-૧ તથા કલાસ-૨ ના અધિકારીઓનો સન્માન સમારોહ ગત તા.૧૨ ના રોજ પી.ડી.માલવીયા કોલેજ, રાજકોટ ખાતે યોજવામાં આવ્યો. રાજકોટના મેયર ડો. પ્રદીપભાઈ ડવ, લાભુભાઈ ખીમાણિયા, ભાનુભાઈ મહેતા, જશુભાઈ રાઠોડ સાથે સંસ્થાના સ્થાપક પી.આઈ. રામ, સંસ્થાના ગુજરાતના માર્ગદર્શક ઘનશ્યામભાઈ હેરભા, રાજકોટ શહેરના કન્વીનર વિરાભાઈ હૂંબલ જોડાયા હતા. કાર્યક્રમના સંચાલનની કમાન સંસ્થાના રાજકોટ શહેરના માર્ગદર્શક પરિમલ ભાઈ પરડવાએ સંભાળી હતી. ત્યારબાદ સંસ્થા વતી સ્વાગત પ્રવચન મહેશભાઈ કારેથા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આહીર સમાજના વિવિધ ક્ષેત્રોના મહાનુભવો ઘનશ્યામભાઈ ખાટરિયા, અજિતભાઈ લોખીલ, વી.જે.બોરીચા, પી.આઈ હડિયા સાહેબ, પી.આઈ. જિલડીયા, સંજયભાઈ છૈયા (સંસ્થાના સહ-એડમીન), રમાબેન હેરભા ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભવોના પ્રસંગને અનુરૂપ ઉદબોધનો અને સાથે પુષ્પગુચ્છ, શાલ અને મોમેન્ટોથી ઉપસ્થિત ચારેય સન્માનીય નવયુવાન અધિકારીઓ વિવેકકુમાર પ્રવિણભાઈ ભેડા (કલાસ -૧ ડી.વાય.એસ.પી.), ધવલકુમાર પરબતભાઈ કારેથા (કલાસ-૧ ડેપ્યુટી ડાયરેકટર), ડો. ક્રિષ્નાબેન દેવશીભાઈ નકુમ (કલાસ -૨ આદિજાતિ વિકાસ અધિકારી) તથા પાર્થકુમાર રાજાભાઈ મારૂ (કલાસ-૨ તાલુકા વિકાસ અધિકારી) ને સન્માનવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમને ખૂબ જ ટૂંકા સમય ગાળામાં સફળ બનાવવા સંસ્થાની પુરી ટિમ પી.આઈ.રામ, ઘનશ્યામભાઈ હેરભા, પરીમલભાઈ પરડવા, વિરાભાઈ હૂંબલ, શૈલેષભાઇ ખાંભરા, જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ વિરાભાઈ હૂંબલ દ્વારા કરવામા આવી હતી. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત સાથે કરવામાં આવ્યું હતું.(૭.૧૬)

મનપાની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગની

કલીનર કમ જુનિયર ફાયરમેનની ભરતીની પ્રેકિટકલ પરીક્ષા મોકૂફ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

મહાનગરપાલિકા દ્વારા ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ વિભાગની ખાલી પડેલ ૨૫ જગ્યાઓ ભરવા માટે આજથી તા.૨૪ દરમિયાન પ્રેકિટકલ પરીક્ષાનુ આયોજન કરવામાં આવેલ,

શહેરમાં અતિભારે વરસાદ તેમજ વરસાદની સંભવિત આગાહીને ધ્યાને લેતા, હાલ પુરતી આ પ્રેકિટકલ પરીક્ષા મોકૂફ રાખવા નિર્ણય કરવામાં આવેલ છે. તેમજ આ પ્રેકિટકલ પરીક્ષાની નવી તારીખ અને વિગતવાર ટાઈમ-ટેબલ હવે પછીથી જાહેર કરવામાં આવશે. આ કામે રાજકોટ મહાનગરપાલિકા વેબસાઈટ વખતો વખત જોતા રહેવા સર્વે ઉમેદવારોને જાણ કરવામાં આવે છે. તેમ ના.કમિશનરએ અખબારી યાદીમાં જણાવાયું છે.(૧.૧૬)

કમિશ્નર યુવા સેવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના ઉપક્રમે

મોડેલ ડે સ્કૂલ સણોસરામાં તાલુકા કક્ષાનો ૫૫મો યુવા મહોત્સવ યોજાયો

વકતૃત્વ, દુહા-છંદ-ચોપાય, ગઝલ, કાવ્ય, નિબંધ, શીઘ્ર વકતૃત્વ, લગ્નગીત, લોકવાદ્ય વગેરે સ્પર્ધા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

કમિશ્નર યુવા સેવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી સુરેન્દ્રનગર દ્વારા આયોજિત તાલુકા કક્ષાનો મોડેલ ડે સ્કૂલ સણોસરામાં ૫૫મો યુવા મહોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પ્રાર્થના, રાષ્ટ્રગાન અને ગણેશજીની આરતી કરવામાં આવી હતી, જે ૨૬ બટાલિયન સુરેન્દ્રનગરની મોડેલ ડે સ્કૂલ સણોસરાના NCCના કેડેટ્સ દ્વારા ગણેશજીની આરતી ઉતારવામાં આવી. આ તાલુકા કક્ષાના ૫૫ માં યુવા મહોત્સવના કાર્યક્રમમાં કુલ ૧૫ સ્પર્ધાનું આયોજન થયેલું જેમાં, વકતૃત્વ સ્પર્ધા, દુહા-છંદ-ચોપાય સ્પર્ધા, ગઝલ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા, લગ્નગીત સ્પર્ધા, લોકવાદ્ય સ્પર્ધા વગેરે સ્પર્ધા યોજાય હતી તેમાં તાલુકાના ૨૪૦ બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો, વકતૃત્વ સ્પર્ધા પ્રથમ ખીચડીયા સીમા, દ્વિતીય બસિયા સત્યજીત અને તૃતીય શેખ અનીતા લગ્નગીત સ્પર્ધામાં પ્રથમ મેઘની વૈશાલી, દ્વિતીય પરમાર કિંજલ, તૃતીય રંગપરા કાજલ ચોપાયમાં પ્રથમ કાલરીયા સુમિત, દ્વિતીય ખોરાની હિરલ, તૃતીય પરમાર હિતેશ નિબંધ સ્પર્ધામાં પ્રથમ કટેશીયા પાયલ, દ્વિતીય પરલીયા દક્ષા, તૃતીય પરમાર કોમલ આવ્યા હતા.

તાલુકા કક્ષાના યુવા મહોત્સવનો કાર્યક્રમના કોર્ડીનેટર મોડેલ ડે સ્કૂલ સણોસરાના આચાર્ય ડો.મનોજભાઈ જી ચૌહાણે બધા જ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી, અને જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવવા શુભેચ્છા પાઠવી હતી. તેમજ જીવનમાં ઉચ્ચ ધ્યેય સાથે, ઉચ્ચ સંકલ્પ લઈ આગળ વધવા કહ્યું હતું.

આ કાર્યક્રમ સફળ બનાવવા મહેમાન તરીકે તાલુકા સદસ્ય સાંબડ અજયભાઈ, ખેરણા હાઈસ્કૂલના આચાર્ય વિપુલભાઈ, ચિરોડા પ્રાથમિક શાળાના આચાર્ય નયનાબેન રાણા, પાંચવડા પ્રાથમિક શાળાના શિક્ષક મુકુંદભાઈ નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી. તેમજ ભીમોરા સ્કુલના શિક્ષકો, ધર્મજીવન સ્કુલના શિક્ષકો, અને મોડેલ ડે સ્કૂલ સણોસરા શિક્ષકો અને વિદ્યાર્થીઓએ યુવા મહોત્સવનો કાર્યક્રમમાં જહેમત ઉઠાવી તે બદલ મોડેલ ડે સ્કૂલ સણોસરાના આચાર્ય ડો.મનોજભાઈ જી ચૌહાણે સર્વોને અભિનંદન પાઠવ્યા હતા.(૭.૧૬)

જનસેવા ટ્રસ્ટ, બાપા સીતારામ ગૌ સેવા મંડળના સમીરભાઈ કામદારનો આવતીકાલે જન્મદિવસ

રાજકોટ: જનસેવા ટ્રસ્ટ દ્વારા ગરીબ દર્દીઓને નાત જાતનાં ભેદભાવ વગર મેડિકલને લગતી સહાયતા પૂરી પાડવામાં આવી રહી છે. બાપા સીતારામ ગૌ સેવા મંડળમાં ટ્રસ્ટી તરીકે કાર્યરત છે. તેમના ગ્રુપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, ઝુંપડપટીઓમાં અનાજનું વિતરણ, પક્ષીને ચણ, ખીસકોલીઓને મકાઈના ડોડા, શ્વાન ને દુધ રોટલી વગેર સેવાનાં ભગીરથ કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. તેઓ સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત ૨૨ વ્હાલુડી દીકરીઓનાં વિવાહ, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈન, રાજકોટ મહાજનની પાંજરાપોળ, જીવદયા ગ્રુપ વગેરે સેવાકીય સંસ્થાઓમાં પોતાનાથી બનતો સહકાર આપી સેવાકીય કાર્યો કરતા રહે છે. સમીરભાઈ કામદારના જન્મદિવસ પર 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...(૧.૧૬)

બ્રહ્મસેના દ્વારા નવનિયુકત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને હાર્દિક શુભેચ્છા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪: બ્રહ્મસેના સ્થાપક અધ્યક્ષ જગદીશ રાવલ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને નવનિયુક્ત મુખ્યમંત્રીને રાજકોટ જિલ્લા કલેકટર કચેરીનાં માધ્યમેથી રાજ્યની સુખાકારી, આરોગ્યતા અને પ્રગતિનાં શુભસંદેશ સાથે હાર્દિક શુભેચ્છા પાઠવેલ. તેમજ સંસ્થાનાં કારોબારી સહિત રાજ્યકક્ષાનાં ૧૨૫ સભ્ય હોદ્દેદારો સહિત તમામ સભ્ય, સેલ, સમિતિ અને પાંખ દ્વારા શુભેચ્છા પાઠવી.(૭.૧૨)

મેંગોપીપલ પરિવાર દ્વારા પ્રોજેકટ મુસ્કાન અંતર્ગત

વડવાજડીની પ્રાથમિક શાળાની દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

વડવાજડી, તા.૧૪

તાજેતરમાં વડવાજડી ગામડાની સરકારી પ્રાથમિક શાળાની દીકરીઓને મેંગોપીપલ પરિવાર અને કણસાગરા કોલેજની સામાજિક કાર્યકર વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રોજેક્ટ મુસ્કાન અંતર્ગત નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ કરવામાં આવ્યું.

મેંગોપીપલ પરિવારનાં રૂપલબેન દ્વારા દીકરીઓને તેમની સરળ ભાષામાં સેનેટરી પેડ વિશેના ફાયદા અને શારીરિક સ્વચ્છતા વિશેની સમજણ આપવામાં આવેલ. સેનેટરી પેડની માહિતી મેળવી દરેક દીકરીઓના ચહેરા પર સુંદર સ્મિત આવેલ જેનો શ્રેય મેંગોપીપલ પરિવારને મળે છે.

મેંગોપીપલ પરિવારના મનીષભાઈ રાઠોડ, રૂપલબેન રાઠોડ, પરેશસર સરસીયા તથા કણસાગરા કોલેજની સામાજિક કાર્યકર વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા જહેમત ઉઠવામાં આવેલ. મેંગોપીપલ પરીવાર છેલ્લા ૮ વર્ષથી ઝુપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના બાળકો માટે સતત કાર્યશીલ સંસ્થા છે . સંસ્થા આવા બાળકો માટે રાજકોટ તથા જામનગરમાં ફ્રી એજ્યુકેશન કલાસ ચલાવે છે . ઉપરાંત સંસ્થા દ્વારા પ્રોજેકટ મુસ્કાન દ્વારા સ્લમ વિસ્તારોની બહેનો દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે. આવા સતકર્મોમાં સહભાગી થવા માટે અને સંસ્થાની વધુ માહિતી માટે મનીષભાઈ રાઠોડ (મો ૯૨૭૬૦ ૦૭૭૮૬) નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.(૭.૧૬)

વિ.હિ.પ. પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ નિમિતે

ઓનલાઈન રંગપૂરણી સ્પર્ધાના વિજેતાના નામ જાહેર કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

વિ.હિ.પ. દ્વારા દર વર્ષે જન્માષ્ટમી પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિતે અનેકવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. ખાસ કરીને નાના બાળકોને આ આયોજન સાથે જોડવાના હેતુથી દર વર્ષે રંગપૂરણી હરીફાઈનું અદકેરૂ આયોજન કરવામાં આવે છે. માટે ગત વર્ષની જેમ આ વર્ષે પણ વિ.હિ.પ. પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા બાળકો માટે રંગપુરણી હરીફાઈનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં કોઈપણ બાળકો કોઈપણ જાતની ફી આપ્યા વગર ભાગ લઈ શકતો હોવાથી અને ખાસ કરીને ક્યાંય ગયા વગર ઘરે બેઠા આ સ્પર્ધામાં ઓનલાઈન ભાગ લઈ શકાતો હોવાથી આ સ્પર્ધામાં અનેક એન્ટ્રીઓ આવી હતી.

રંગપૂરણી સ્પર્ધાનું આયોજન સુંદર અને વ્યવસ્થિત થઈ શકે તે માટે વિ.હિ.પ. પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા આયોજીત રંગપૂરણી સ્પર્ધાના કન્વીનર પદે ગાર્ગી સ્કૂલના રમાબેન હેરભાની નિમણુંક કરવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણના જીવન પર આધારીત અલગ-અલગ પ્રસંગોને આવરી લેતા ચિત્રો તૈયાર કરી ઓનલાઈન બાળકો પાસેથી મંગાવવામાં આવેલ હતાં અને તેનો તલસ્પર્શી અભ્યાસ કરીને રંગપૂરણી સ્પર્ધાના વિજેતાનું પરિણામ જાહેર કરવામાં આવેલ છે. જેમાં ધોરણ - ૧ માં પ્રથમ: અવની રમેશભાઈ લીંબાસીયા, દ્વિતીય: આયુષી રમેશભાઈ લીંબાસીયા, તૃતિય: ધ્યાના કપીલ ચંદારાણા.

ધોરણ - ૨ માં પ્રથમ: જય ધાનાણી, દ્વિતીય: ટાંક દેવાંશી ઉમેશભાઈ, તૃતિય, ભક્તિ દિપેશભાઈ કેરાળીયા,

પ્રોત્સાહન શીવ પારસભાઈ કેરાળીયા.

ધોરણ - ૩ માં પ્રથમ: દક્ષ રૂપેશભાઈ પરમાર, દ્વિતીય: હાર્દ એન. અજુડીયા, તૃતિય: હર્ષદ અરવિંદભાઈ સંખાણીયા, પ્રોત્સાહન: શીવ પરેશભાઈ દેશરાણી, સિધ્ધિ પરેશભાઈ કેરાળીયા, સિધ્ધ વિરડા,હેત ડોબરીયા

ધોરણ - ૪ માં પ્રથમ: રવિભાઈ ચાવડા, દ્વિતીય: વિહાન એમ્ જયસવાલ, તૃતિય: ઈન્દ્રજીત હિતેષભાઈ ગોહિલ, પ્રોત્સાહન: અલવિરા ઈરફાનભાઈ સરવૈયા, વંશીકા દુષ્યંતભાઈ ધાનક,ભક્તિ રાજેશભાઈ ચૌહાણ.

ધોરણ - ૫ માં પ્રથમ: ભૂમિ ધાનાણી, દ્વિતીય: રીશીત બંકીમચંદ્ર ત્રિવેદી, તૃતિય: રોનીત બંકીમચંદ્ર ત્રિવેદી,

પ્રોત્સાહન: પ્રશિત દિપકભાઈ ગમઢા, નંદીની મુકેશભાઈ દેસરાણી, કાર્તિક હર્ષદભાઈ ઠુમ્મર.

ધોરણ - ૬ માં પ્રથમ: સૃષ્ટિ રમેશભાઈ લીંબાસીયા, દ્વિતીય: જેનિલ મહેતા, તૃતિય: અસ્મી વિપુલભાઈ લીંબાસીયા.

ધોરણ - ૭ માં પ્રથમ: સેનમા ભૂમિ જેન્તીભાઈ, દ્વિતીય: નિર્ભવ વિજયભાઈ પેઠડીયા, તૃતિય: ગોહેલ કુલદિપ હિતેષભાઈ, પ્રોત્સાહન: સન્વી વિતરાગ મહેતા, જસ્મીન રાજેશભાઈ રાઠોડ.

બાળકોમાં સંસ્કારનું સિંચન થાય, હિન્દુ સંસ્કૃતિને બાળકો નજીકથી ઓળખે અને ભગવાન પ્રત્યેની આસ્થા પ્રબળ બને તેવા શુભ હેતુથી પોતાના બાળકોને ભારતીય સંસ્કૃતિ સાથે જોડવાના પ્રયાસ રૂપે આ સ્પર્ધા યોજવામાં આવેલ હતી જેથી તમામ બાળકો તથા તેના માતા-પિતાનો વિ.હિ.પ. હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે અને વિજેતા બાળકોને તેમના પુરસ્કારો હવે પછી ટેલીફોનિક જાણ કરી આગળની વ્યવસ્થા કરવામાં આવશે.(૭.૧૬)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

મુખ્યમંત્રીને મળવા હવે ડાયવર્ઝન રહેશે??

વાયા જવું પડતું હોય તો લોકોના પ્રશ્નો હલ કઇ રીતે કરવા અને લોકોને શું જવાબ આપવો? નેતૃત્વ પરીવર્તન પાછળના જે કેટલાક કારણો છે તેમાં આ મુખ્ય કારણ માનવામાં આવે છે. હવે નવા મુખ્યમંત્રી આવી ગયા છે શું તેઓ આ પરિસ્થિતિ એટલે કે આવી વ્યવસ્થાને સહન કરશે ખરા અથવા તો એ ધુંસરીમાંથી બહાર નિકળી શકશે ખરા એવા સવાલો રાજકીય કોરીડોરમાં પુછાય રહયા છે અને ચર્ચાઇ રહયા છે. નવા મુખ્યમંત્રી ખુબ જ સમર્પિત નેતા માનવામાં આવે છે. વહીવટમાં પણ કાબેલ માનવામાં આવે છે. સ્થાનિક કક્ષાએ વહીવટનો ધણો બહોળો અનુભવ ધરાવે છે. સત્તાધારી પક્ષનાં નેતાઓને લોકપ્રતિનિધિઓને વિશ્વાસ અને મજબુત શ્રધ્ધા છે કે, હવે પછીની નવી રચાનારી સરકારમાં જુદી-જુદી સમસ્યાથી છૂટકારો પ્રાપ્ત થઇ જશે. ચર્ચાતી સીસ્ટમને ખતમ કરી શકે છે કે કેમ એ જોવાનું રહે છે. વિકાસના કામોમાં વિઘ્ન સર્જાય છે અને વહાલા દવલાનું વાતાવરણ ઉભુ થાય છે. ગુજરાતના સંતુલીત વિકાસની ગાડીને પાટા પર દોડતી કરી શકશે એવી રાજકીય નિરિક્ષકો અને ખુદ સત્તા પક્ષના જન પ્રતિનિધિઓને આશા છે. (૨.૧૧)

ભારે વરસાદના પગલે તમામ વોર્ડમાં તુટેલા રસ્તાનો સર્વે કરવા મેયરનો હુકમ

તાત્કાલિક ઝુંબેશના સ્વરૂપે સફાઈ કરવા તેમજ નદીમાં ગાંડી વેલ શરૂઆતથી જ કાઢવાની કાર્યવાહી હાથધરવા ઉપરાંત ચોમાસા બાદ વોંકળાની તબક્કાવાર સફાઈની કાર્યવાહી હાથધરવા અને વોંકળામાં રબીશ કચરો વિગેરે ન નાંખે તેની તકેદારી રાખવા મેયરે સોલીડવેસ્ટ વિભાગના અધિકારીને સુચના આપેલ. સોલીડવેસ્ટ વિભાગના અધિકારીઓ દ્વારા શહેરના વોંકળાઓનું ડીમાર્કેશન કરી આપવા રજુઆત કરી છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

ગુજરાતમાં નેતૃત્વ પરીવર્તન મોદી-શાહ જોડીનો વધુ એક માસ્ટર સ્ટ્રોક?

ચૂંટણીઓ હંમેશા ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહે છે એટલે અહીં કોઇપણ પ્રકારનો પરાજય તેને પાલવે તેમ નથી. ગુજરાતમાં મોદીએ મુખ્યમંત્રી તરીકિનાં પોતાના ૧૨ વર્ષ લાંબા કાર્યકાળ દરમ્યાન લોકોની અપેક્ષાઓને આસમાને પહોંચાડી દીધી હતી. એ પ્રકારની કામગીરી સુધી ભાજપનો કોઇ નેતા પહોંચી શકે તેમ નથી. જે કોઇ નેતા બને તેને મોદીનો ઓછાયો જ ગણવામાં આવશે અને તેની જવાબદારી પણ ખુબ વધી જશે. ભુપેન્દ્ર પટેલની પસંદગી એ વાતનો સંકેત આપે છે કે, મોદી પછી બીજી હરોળમાં ભાજપ પાસે એમના જેવા શકિતશાળી અને વચસ્વ ધરાવતા નેતાનો અભાવ છે. એટલે નવોદિપ ભુપેન્દ્ર પટેલને ધુરા સોંપીને મોદીના નામે ચૂંટણી લડવાનો વ્યૂહ નક્કી કરવામાં આવ્યો છે કેમ કે, મતદારોના કોઇપણ વર્ગમાં જરાસરખો પણ અસંતોષ ઉભો ન થાય એ જોવા માટે ભાજપની નેતાગીરી આકાશ પાતાળ એક કરી રહી હતી અને તેના કારણે જ પાટીદાર નેતાને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. જેથી કરીને ગુજરાતની વસ્તીનો ૧૬ ટકા હિસ્સો ધરાવતા પાટીદારોને ફરીથી રાજી કરી શકાય. કેમ કે, ૨૦૧૭માં ૫૦ ટકા ભાજપના પરંપરાગત ટેકેદાર મનાતા પાટીદારોમાંથી ૫૦ ટકા પાટીદાર મતદારોએ કોંગ્રેસનું સમર્થન કર્યુ હતું એટલે ભાજપના મોવડીઓ એ પરીબળનું પુનરાવર્તન ઉડતુ ડામી દેવા માંગે છે. ૫૯ વર્ષનાં ભુપેન્દ્ર પટેલ ભારતીય રાજકારણના ધારાધોરણ મુજબ યુવાન ગણાય એમને રાજયકક્ષાના વહીવટનો બહુ અનુભવ નથી. કેમ કે, તેઓ કદી કેબીનેટમાં પણ રહયા નથી. એટલે મોદી અને શાહના માર્ગદર્શન મુજબ કામ કરી 'ડબલ એન્જીનકી સરકાર'નું સંચાલન કરવું પડશે. ભાજપમાં નવા નેતાની વરણીને પગલે કદાચ વરીષ્ઠ નેતાઓ નીતિન પટેલ, સી.આર.પાટીલ કે પરસોતમ રૂપાલાને ઝાટકો લાગ્યો હોય તો પણ એમાના કોઇ નેતા ભાજપના મોવડી મંડળ સામે પડકાર ફેંકવાની સ્થિતિમાં નથી. કોંગ્રેસ ૨૦૧૭માં મળેલી સફળતાને દોઢી કે બમણી કરવા માટે પ્રયત્નશીલ છે પણ લોકસભા-૨૦૧૯ની ચૂંટણીઓમાં ગુજરાતની ૨૬માંથી ૧ બેઠક મળી હોવાની રાજયમાં તેની રાજકીય ગતીને બ્રેક લાગી છે. કોંગ્રેસના ચાણકય અહેમદ પટેલના અવસાનથી કોંગ્રેસને મોટું નુકસાન થયું છે. બીજી તરફ ભાજપ ૨૦૧૭નાં ૯૯ બેઠકનાં સ્કોરને સદીમાં પરીવર્તીત કરવા કોરી પાટીના નેતાને ઇચ્છતો હતો એટલે જ ભુપેન્દ્ર પટેલને લોટરી લાગી ગઇ છે.(૨.૧૧)

મધ્યપ્રદેશને તમામ કોલેજ અને યુનિવર્સિટીમાં ભણાવાશે રામચરિત માનસ

પ્રવાહમાં સમાવીષ્ઠ કરી છે. રામ ચરિત માનસનાં ૬૦ કલાકના અભ્યાસ ક્રમને કારણે વિદ્યાર્થીઓમાં માનવતા વાદી વૃતિ અને દ્રષ્ટિકોણ વિકાસ પામશે તથા સમતુલીત નેતાગીરીના ગુણોનો વિકાસ થશે. ૧૬મી સદીમાં થઇ ગયેલા મહાન સંત તુલસીદાસજીએ આ મહાન ધર્મ ગ્રંથ રામચરિત માનસનું સર્જન કર્યુ હતું. મધ્ય પ્રદેશે નવી શિક્ષણ નીતિમાં દેશના ભવ્ય ભૂતકાળને પણ વિદ્યાર્થીઓ માટે વિષય રૂપે દાખલ કરવાનો અને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. મહાન સંતો, ઋષીમુનીઓ અને ધર્મ ગ્રંથનો અભ્યાસ કરાવવામાં આવી રહયો છે. મધ્યપ્રદેશ કોંગ્રેસે રાજય સરકારના નિર્ણયની ટીકા કરી છે. કોંગ્રેસના ધારાસભ્ય આરીફ મસુદે ટકોર કરી હતી કે, ભાજપ સરકાર તેની નિષ્ફળતાઓને ઢાંકવા માટે આવા પગલા લઇ રહી છે. સબકા સાથ અને સબકા વિકાસનું સુત્ર પોકળ પુરવાર થયું છે.(૨.૧૧)

સૌરાષ્ટ્રમાં ભાદરવામાં અષાઢ સર્જાતા મેઘતાંડવઃ વ્યાપક તારાજી

છવાયેલો છે. રાજકોટ અને જૂનાગઢ જિલ્લાઓમાં આજે તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. હજુ સતત મેઘડંબર છવાયેલો છે. આગામી ત્રણ દિવસ ભારે વરસાદનું જોર રહે તેવી હવામાન ખાતાની આગાહી છે. અત્યાર સુધીમાં નોંધાયેલો વરસાદમાં સૌથી વધુ લોધિકા તાલુકામાં ૨૧ ઇંચ, વિસાવદર પંથકમાં ૧૮ ઇંચ, કાલાવડમાં ૧૬ ઇંચ, રાજકોટમાં ૧૩ ઇંચ, ધોરાજીમાં ૧૦ ઇંચ, જૂનાગઢમાં સાડા ૮ ઇંચ અને કોટડાસાંગાણીમાં ૮ ઇંચ વરસાદ ખાબક્યો છે. રાજકોટ, જૂનાગઢ અને ખેડાનાં આણંદમાં હજુ રેડએલર્ટ યથાવત રાખવામાં આવ્યું છે. અમદાવાદ, ભાવનગર અને બનાસકાંઠામાં યલોએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભાદરવો ભરપુર રહેવાથી ગુજરાતમાં વરસાદની ઘટમાં એકદમ ઘટાડો થવા પામ્યો છે. સોમવારે સાંજ સુધીમાં સિઝનનો કુલ વરસાદનો આંક વધીને ૬૪.૫ ટકા થઇ ગયો છે આથી વરસાદની ઘટ માત્ર ૧૪ ટકા રહી છે. પરંતુ સૌરાષ્ટ્રમાં મેઘરાજાને ભરપુર હેતને કારણે એક વર્ષથી વધુ ચાલે તેટલી જળરાશી સૌરાષ્ટ્રનાં જળાશયોમાં ઠલવાય ગઈ છે.(૨.૧૨)

પ્રચંડ મેઘતાંડવને પગલે રેલવે લાઈનને નુકશાન

રેલવેનાં પાટાઓ પર પાણી ફરી વળવાથી રેલવે ટ્રેક નીચેની માટી ધોવાઇ ગઈ હતી. ૬ સ્થળે પાટાને ભારે નુકશાન થયું છે. પરિસ્થિતિ રાબેતા મુજબની કરવા માટે અને ટ્રેન વ્યવહાર પૂર્વવત કરવા માટે હજુ ૨૪ કલાકનો સમય લાગશે. પાણી ઓસરી જાય તે પછી પાટાઓનું રીપેરીંગ કરી શકાશે. રાજકોટ-ઓખા વચ્ચે બે ટ્રેન રદ કરવી પડી છે. રેલવેનાં અધિકારીએ જણાવ્યું હતું કે, માતા વૈષ્ણોદેવી, કટરા-જામનગર સ્પેશિયલ ટ્રેન રાજકોટ રોકી દેવી પડી હતી જે મોડી સાંજે જામનગર રવાના થઇ હતી. ઓખા- અમદાવાદ-મુંબઈ ટ્રેન, ઓખા-સોમનાથ, ઓખા-અમદાવાદ-જયપુર, પોરબંદર-અમદાવાદ-મુંબઈ, ઓખા-સોમનાથ અને મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ-પોરબંદર ટ્રેનનાં રૂટ બદલવા પડ્યા હતા અને શેડ્યુલમાં પણ મોડું થયું હતું.(૨.૧૨)

દુંદાળા દેવના દર્શન માટે ભાવિકો ભાવવિભોર

રાજકોટ સર્વેશ્વર ગણેશ મહોત્સવમાં ભકતજનો ભાવ વિભોર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: સર્વેશ્વર ગ્રુપ દ્વારા ભવ્ય સર્વેશ્વર ગણપતિ મહોત્સવ સર્વેશ્વર ચોક, યાજ્ઞિકરોડ, ખાતે આયોજન કરવામાં આવ્યું છે. દુંદાળા દેવની ભક્તિ અને આસ્થાપર્વનું આ ગણપતિ મહોત્સવમાં આમંત્રિત મહેમાનોની સાથે મહા આરતી કરવામાં આવેલ. દુંદાળા દેવને ડોલર (યુ.એસ. કરંસી) નો હાર પહેરાવવામાં આવ્યો છે. રોજબરોજ અલૌકિક શણગાર સાથે મહારાજ દ્વારા ધૂપ અને દીપની આરતી શરણાઈના શુર સાથે શરુ કરવામાં આવે છે.

આજના મહાઆરતીમાં નંદાણી પરિવાર તેમજ કિશોરભાઈ રાઠોડ મહામંત્રી વગેરે મહાનુભાઓએ મહાઆરતીનો લાભ લઈને ભાવવિભોર થયા હતા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સર્વેશ્વર સાર્વજનિક ગણપતિ મહોત્સવના સર્વે કમિટી મેમ્બર કેતનભાઈ સાપરિયા, જતિનભાઈ માનસતા, અલાઉદ્દીનભાઈ કારિયાણીયા, વિજયભાઈ ખેરડીયા, ઉપેન્દ્રસિંહ ઝાલા, કલ્પેશભાઈ દસાડીયા, ભયકુ ભાઈ રાઠોડ, મુકેશભાઈ વાઘેલા, ગોવિંદભાઈ બોળીયા, વિજયભાઈ સિંધવ, કેતનભાઈ ચૌહાણ, કેતનભાઈ ભટ્ટ, ગુલાબસિંહ જાડેજા, રાજુ ભાઈ કિકાણી, બહાદુરસિંહ કોટીલા, હિતેશભાઈ મહેતા, બ્રિજેશભાઈ નંદાણી સાથે ૫૦ અન્ય કમિટી મેમ્બર આ આયોજનને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે. ઉપરોક્ત સમગ્ર આયોજનમાં મનપાના મ્યુનીસીપલ કોર્પોરેશનના વોટર વર્કસ કમિટીના ચેરમેન દેવાંગભાઈ માંકડ માર્ગદર્શન આપી રહ્યા છે.(૧.૧૬)

'ત્રિકોણ બાગ કા રાજા' આવતીકાલે ભવ્ય લોકડાયરો

આજે રાત્રે 'કસુંબીનો રંગ' કાર્યક્રમ ઝવેરચંદ મેઘાણીના સંસ્મરણો તાજા કરશેઃ જીમ્મી અડવાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: ત્રિકોણ બાગ કા રાજા' ગણપતિ મહોત્સવમાં મેઘરાજાના અમી છાંરણા વચ્ચે ગઈકાલ સોમવારે મહાઆરતીમાં સંખ્યાબધ્ધ ભાવિકોએ હાજરી આપીને ગણેશ વંદના કરી હતી. અંશ ભારદ્વાજ, પરેશભાઈ દાવડા, ભાજપ અગ્રણી એડવોકેટ કૃણાલભાઈ દવે વગેરે મહાનુભાવોએ મહાઆરતીમાં ભાગ લઈને ગણપતિજીનું પૂજન કર્યું હતું.

આજે મંગળવારે રાત્રે ત્રિકોણ બાગ કા રાજાના પ્રાંગણમાં સંદિપ પ્રજાપતિ અને ઉમેશ બારોટ 'કસુંબી'નો રંગ કાર્યક્રમ રજુ કરશે, જે ઝવેરચંદ મેઘાણીના સંસ્મણો તાજા કરશે. આવતીકાલ બુધવારે રાત્રે વિશાલ વરૂ અને કલાકારો પ્રસ્તુત ભવ્ય લોકડાયરો યોજાશે. જે મોડીરાત સુધી શ્રોતાઓને મોજ કરાવશે. રાજકોટના ભવ્ય અને જાજરમાન ગણેશોત્સવને સર્વાંગી સફળ બનાવવામાં આયોજક જીમ્મી અડવાણીના સેવાભાવી કાર્યકરો ચંદુભાઈ પાટડિયા, જયપાલસિંહ જાડેજા, ભરતભાઈ રેલવાણી, વિમલ નેથા, નિલેશ ચૌહાણ, સંજય ટાંક, કિશન સિધ્ધપુરા બિપીન મકવાણા, પ્રકાશ ઝીંઝુવાડિયા, યોગેન્દ્ર છનિયારા, ભરત મકવાણા, રાજન દેસાણી, કાનાભાઈ સાનિયા,વંદન ટાંક, ધવલ કાચા, ધવલ અડવાણી, હાર્દિક વિઠલાણી, સન્ની કોટેચા, અભિષેક કણસાગરા, પાર્થ કોટક, હર્ષ રાણપરા, ભરત પરમાર, કરણ મકવાણા, ધવલ વાડોદરા, નાગજી બાંભવા, બલીરામ ચૌહાણ, દર્શન જોશી, પીનાકીન ખાણદર, પરાગ ગોહેલ, દિલીપભાઈ પાંધી, પરાગ ગોહેલ વગેરે ભકિતભાવથી સનિષ્ઠ સેવાઓ આપી રહ્યા છે.(૧.૧૬)

સુરતઃ ગણેશ મહોત્સવ પ્રસંગે મેગા રકતદાન કેમ્પ યોજાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત: મારુતિ વેલ્ફેર ટ્રસ્ટ સહયોગથી મારૂતિ ધુન મંડળ યુવા ટિમ દ્વારા આયોજીત ગણેશ મહોત્સવ પ્રસંગે સલથાણા કોમ્યુનિટી હોલ મેગા રક્તદાન કેમ્પમાં કરતા રક્તદાતાઓએ ૫૨૨ બોટલ એકત્રિત પૂજ્ય વરિષ્ઠ સંતોએ દીપ પ્રાગટય કરી સેવાયજ્ઞ શરૂ કરાવ્યો જાણીતા ઉદ્યોગ રત્ન રાજસ્વી અગ્રણી મોટીવેશનલ સ્પીકર સાહિત્યકાર નામી અનામી અનેકો સમાજસેવી વિવિધ પ્રવૃતિ કરતી સુરત શહેર ની સામાજિક સ્વૈચ્છિક શેક્ષણિક સંસ્થાઓ એવમ સ્વયંમ સેવી યુવાનોની ઉપસ્થિતિમાં યોજાયો.(૧.૧૬)

જસદણઃ સિધ્ધિ વિનાયક યુવા ગ્રુપ ગણેશ મહોત્સવમાં સેવાનો ધમધમાટ

જસદણઃ આદમજીરોડ પારેવાના ઓટા પાસે આવેલ સિધ્ધિવિનાયક ગણેશ મહોત્સવમાં ગણેશજીની વંદના સાથે આ ગ્રુપનાં મેમ્બરો દિપકભાઈ વાઘેલા, હાર્દિકભાઈ અંબાણી, સાગરભાઈ મકવાણા, દર્શનભાઈ કોળી સહિતનાઓએ દરરોજ લોકઉપયોગી કર્યોનો ધમધમાટ પણ શરૂ કર્યો છે.(૧.૧૨)

અમરેલીઃ ગણેશ મહોત્સવમાં વિવિધ સ્પર્ધાત્મક આયોજન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલીઃ રંગપુરણી સ્પર્ધાં અન્નકુટ દર્શન ડેકોરેશન સુશોભન જેવી સ્પર્ધા ઓ સાથે ભાગ્યલક્ષ્મી મહિલા ક્રેડિટ અને કન્ઝયુમર્સ કો.ઓપ . સોસાયટી લી દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આજથી તા.૧૬ ગુરૂવારે આરતી સુધી ડેકોરેશન સાંજે ૬.૩૦ કલાકે બુધવાર ગણેશજીની મહાઆરતી સાંજે ૬ કલાકે રંગપૂર્ણિ ગુરૂવાર બપોરે ૪ કલાકે જેમાં ૩ થી ૧૫ વર્ષના બાળકો ભાગ લઈ શકશે . રંગપૂરણી માટે જરૂરી કલર સાથે લાવવા તેમજ સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરાયું છે.(૧.૧૬)

રામનાથ મહાદેવ મંદિરની મુલાકાત લેતા ધારાસભ્ય, મેયર, મનપાના પદાધિકારીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

સર્વત્ર વરસાદના કારણે આજી નદીમાં પુર આવેલ. આજી નદીના કાંઠે સ્વયંભુ બિરાજતા રામનાથ મહાદેવ મંદિરને પુરના પાણી ફરી વળેલ. પુરના કારણે મંદિર તથા મંદિરની આજુબાજુ કચરો ભેગો થયેલ હોય જેને ફરીથી વ્યવસ્થિત સફાઇ થાય તેના અનુંસધાને આજે ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, મેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, દંડક સુરેન્દ્રસિંહ વાળા, ડે. કમિશનર એ.આર. સિંઘ, વોર્ડ નં.૭ના કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ, વર્ષાબેન પાંધી, જયશ્રીબેન ચાવડા, વોર્ડ નં.૭ના પ્રભારી પ્રતાપભાઈ વોરા, મહામંત્રી અનિલભાઈ લીંબડ, રાજુભાઈ મુંધવા, ડે. એન્જી.પટેલીયા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ અધિકારી નિલેશભાઈ પરમાર, નાયબ પર્યાવરણ અધિકારી ઝીંઝાળા વિગેરે ઉપસ્થિત રહેલ.(૧.૧૬)

શહેર ભાજપ કાર્યાલય-સિધ્ધિ વિનાયક ધામ ખાતે

ગણપતિ મહોત્સવમાં આરતીનો લાભ લેતા શહેર ભાજપના અગ્રણીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: શહેર ભાજપ દ્વારા શહેર ભાજપ કાર્યાલય- સિધ્ધિ વિનાયક ધામ ખાતે ગણપતિ મંગલ મહોત્સવનું સાદગીભેર અને ભાવ અને ભક્તિપૂર્વક આયોજન કરવામાં આવેલ છે. મંગળવારે શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, પૂર્વ ડે. મેયર અશ્વીન મોલીયા સહિતના અગ્રણીઓએ મહાઆરતીનો લાભ લીધો હતો. સાથે વોર્ડ નં.૭ માંથી શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ, પ્રમુખ રમેશભાઈ દોમડીયા, મહામંત્રી અનિલ લીંબડ, અજયભાઈ પરમાર, જે.પી. ધામેચા, વિશાલ માંડવીયા, રમેશભાઈ પંડયા, સંદીપ ડોડીયા, સહદેવ ડોડીયા, કમલેશ હીન્ડોચા, દર્શન પંડયા, કૌશીક ચાવડા, મહેન્દ્ર બારડ, નલહરીભાઈ, જગાભાઈ ખોરાણી, અર્જુનસિંહ ઠાકુર તેમજ વોર્ડ નં.૮ માંથી મહેશ રાઠોડ, અશ્વીન પાંભર, બીપીન બેરા, ડો.દર્શનાબેન પંડયા, શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માંકડીયા, અનીલ ગોગીયા, રાજુભાઈ ડેડાણીયા, શુભેન્દુ ગઢવી,ડી.બી. ખીમસુરીયા, કૃષ્ણદીપસિંહ જાડેજા, જયેશભાઈ ગોહીલ, સહિતના સાથે શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી, રાજન ઠક્કર, રાજ ધામેલીયા સહિતનાઓએ મહાઆરતીનો લાભ લીધો હતો તેમજ ગણપતિ મહારાજના પૂજન-અર્ચન કરી દર્શનનો લ્હાવો લીધો હતો. તેમજ પ્રસાદ વિતરણની વ્યવસ્થા પોપટભાઈ ટોળીયાએ સંભાળી હતી. આજે સાંજે વોર્ડ નં.૯, ૧૦ના કાર્યકર્તાઓ તથા આગેવાનો મહાઆરતીનો લાભ લેશે. તેમ શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ જણાવ્યું છે.(૧.૧૬)

શહેર ભાજપ આયોજીત ગણપતિ મહોત્સવમાં આરતીનો લાભ લેતા શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર સહિતના અગ્રણીઓ

આજે વોર્ડ નં.૮,૯ના આગેવાનો, કાર્યકર્તાઓ આરતીનો લાભ લેશે

રાજકોટમાં અતિભારે વરસાદ પડતા

લોકોને મદદરૂપ બનતા 'આપ' ના કાર્યકરો

કાર્યકરો દ્વારા ભોજન વ્યવસ્થા કરાઈ, જરૂરિયાતમંદ લોકોને તાલપત્રીનું વિતરણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

શહેરમાં અતિભારે વરસાદથી આમ આદમી પાર્ટી દ્વારા શહેર કાર્યાલય ખાતે ફલડ કંટ્રોલરૂમ શરૂ કરેલ. જેમાં વોર્ડનં. ૧૦ ના પ્રમુખ લાલજીભાઈ ચૌહાણ, મહિલા મોરચાના મહામંત્રી હર્ષાબેન શેઠ તથા શહેરના મહામંત્રી કે.કે. પરમાર દ્વારા કંન્ટ્રોલરૂમની વ્યવસ્થા સંભાળવામાં આવેલ. તેમજ વેસ્ટ ઝોન પ્રભારી રાકેશભાઈ સોરઠીયા દ્વારા મવડી બ્રીજ ઉપર ફસાયેલ લોકોને રેસ્કયુ કરી બહાર કાઢયા હતા. ફુડ પેકેડ રાશન અને જરૂરી વસ્તુઓથી લઈ બનાવવાની કામગીરીમાં શહેર ઉપપ્રમુખ દિનેશભાઈ જોષી, મહામંત્રી સંજયસિંહ વાઘેલા, મંત્રી કશ્યપભાઈ ભટ્ટ, ડો. સેલના પ્રમુખ પ્રદિપસિંહ ઝાલા, શિક્ષણ સેલના પ્રમુખ દિગ્વીજયસિંહ વાઘેલા, શહેર મંત્રી પરેશભાઈ શિંગાળા, તેમજ વોર્ડનં. ૧ ના પ્રમુખ સહદેવસિંહ સરવૈયા તેમજ તેમની ટીમ તથા વોર્ડનં. ૧૧ ના પ્રમુખ પિયુષભાઈ ભોડેરી તથા દિલીપભાઈ વોરા દ્વારા કરવામાં આવી. આ ફુડપેકેટ વિતરણ માટે વોર્ડનં. ૯ માં ગુરૂજીનગર વિસ્તારમાં પાર્થભાઈ રાજયગુરૂ, એકતા નગરમાં વિતરણ અલ્તાફભાઈ બગડાની ટીમ દ્વારા અને વોર્ડનં. ૬ ના પ્રભારી જયદિપભાઈ નિમ્બાર્ક તેમજ વોર્ડનં. ૭ ના પ્રમુખ કૃતાર્થ રાધનપુરા તથા અનિલભાઈ મેવાડા દ્વારા ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું. શહેર અધ્યક્ષ શિવલાલ પટેલની અખબારી યાદી જણાવે છે.(૧.૧૨)

શહેર ભાજપ કાર્યાલય-સિધ્ધી વિનાયક ધામ ખાતે ત્રીજા દિવસે

શહેર ભાજપ મિરાણીએ સહપરિવાર સાથે મહાઆરતીનો લાભ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: શહેર ભાજપ દ્વારા શહેર ભાજપ કાર્યાલય- સિધ્ધિ વિનાયક ધામ ખાતે ગણપતિ મંગલ મહોત્સવનું સાદગીભેર અને ભાવ અને ભક્તિપૂર્વક આયોજન કરવામાં આવેલ છે. ગત તા.૧૨ ના ત્રીજા દિવસે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ તેમના પત્ની બીનાબેન, પુત્ર મિહીર તથા રોહન ગણપતીદાદાના પૂજન-અર્ચન-મહાઆરતીનો લાભ લીધો હતો. તેમજ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી લીનાબેન રાવલ, કિરણબેન હરસોડા, પ્રદેશ રમતગમત સેલના સંયોજક પૃથ્વીસિહ વાળા, શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીત વાડોલીયા, મહામંત્રી જે.પી. ધામેચા, રત્નાભાઈ રબારી, શહેર ભાજપ અનુ.જાતી મોરચાના પ્રભારી મહેશ રાઠોડ, મહામંત્રી નાનજીભાઈ પારઘી, વજુભાઈ લુણસીયા, શહેર ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી વાહીદભાઈ સમા, શહેર ભાજપ કીસાન મોરચાના પ્રમુખ ભરત શીંગાળા, મહામંત્રી રસીકભાઈ પટેલ, યોગેશ ભુવા સહિતના આગેવાનોએ ગણપતીદાદાની મહાઆરતીનો લાભ લીધો હતો. આ તકે વોર્ડ નં.૫ ના દિલીપ લુણાગરીયા, હાર્દિક ગોહિલ, વજીબેન ગોલતર, રમેશ અકબરી, દિનેશ ઘિયાડ, દિનેશ ડાંગર, મુકેશ ધનસોત, સંજય બગડા, મનુબેન રાઠોડ, કલ્પનાબેન ક્યિાડા, રમાબેન ગોહિલ, જીતેન્દ્રભાઈ રાઠોડ, હેમાંગ પીપળીયા, મયંક જાની, ક્વાભાઈ ગોલતર, જય સોનાગ્રા, મીહીર ક્યિાડા, સંગીતાબેન કેરાળીયા વોર્ડ નં.૬ ના ઘનશ્યામ કુંગશીયા, દેવુબેન જાદવ, મંજુબેન કુંગશીયા, રત્નાભાઈ રબારી, દલસુખ જાગાણી, યાકુબભાઈ પઠાણ, પીન્ટુ રાઠોડ, સુખદેવભાઈ ડોડીયા, પરાગ મહેતા, પોપટભાઈ ટોળીયા, કીન્નરીબેન ચૌહાણ, સજુ બેન રબારી, નજમાબેન પઠાણ, ગીતાબેન સોનારા, હેતલબેન પાટડીયા, કુલદીપસિંહ, મનસુખ જાદવ, કોમલબેન ખીરા, રાધાબેન સહિતના અગ્રણીઓ તેમજ કાર્યકર્તાઓએ મહા આરતીનો લાભ લીધો હતો.(૧.૧૬)

વોર્ડ નં.૫,૬ ના ભાજપ આગેવાનો તથા તમામ મોરચાના કાર્યકર્તાઓ ગણપતિ દાદાની આરતીમાં જોડાયા

અનેક લોકોની ઘરવખરી, જીવન જરૂરી ચિજવસ્તુઓ પાણીમાં તણાઈ ગઈઃ કોંગ્રેસ

શહેરના નીચાણવાળા વિસ્તારોમાં અનેક મકાનોમાં પાણી ભરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: શહેર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ પ્રદિપભાઈ ત્રિવેદી, મનપાના વિપક્ષી નેતા ભાનુબેન સોરાણી તથા પૂર્વ મનપાના વિપક્ષી નેતા, કોર્પોરેટર વશરામભાઈ સાગઠિયા દ્વારા મ્યુ.કમિશનરને રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવ્યું છે કે, શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં વસવાટ કરતા ગરીબ અને મધ્યમવર્ગીય લોકોની ઘરવખરી, જીવન જરૂરી ચીજવસ્તુઓ પાણીમાં તણાઈ ગઈ છે. તેમજ વોંકળા, નાલા, બ્રીજ બંધ થવાના કારણે લોકો હેરાન પરેશાન થયા છે તેમજ અમોએ અનેક સ્થળોએ રૂબરૂ મુલાકાત લીધી હતી.

અનેક ઘરોમાં પાણી ફરીવળતા ખુબ મોટું નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે જેથી આપ સાહેબ સત્વરે સર્વે કરાવી લોકોને સહાય મળે અને મહાનગરપાલિકા તરફથી ઘરવકરી અને અનાજકીટ આપવામાં આવે.બી.પી.એલ. થી નીચું જીવનધોરણ ધરાવતા કુટુંબોને જરૂરી આર્થિક સહાય (કેસ ડોલ્સ) પણ ચુકવવાની માંગણી છે. તેમ જણાવ્યું છે.(૧.૧૬)

લોધિકા તાલુકાના ભાજપના સોશિયલ મીડીયાના સહકન્વીનર અંકિત પરસાણાને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા રાજ ધામેલીયા

રાજકોટ: ક્ષૌરકર્મ ધંધાર્થી સમિતિના મીડીયા ઈન્ચાર્જ રાજ ધામેલીયા તથા અમીત ધામેલીયાએ રાજકોટ જીલ્લા-ગ્રામ્ય લોધિકા તાલુકામાં ભાજપના સોશિયલ મીડીયાના સહકન્વીનર અંકિત પરસાણાને આજે તેમના ૨૫ માં જન્મદિવસે રાજ ધામેલીયા, અમીત ધામેલીયા, માધવીબેન પરસાણા, સરોજબેન ધામેલીયાએ શુભેચ્છા પાઠવેલ. અંકિત પરસાણાના જન્મદિવસ પર 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...(૧.૧૬)

વણિક મહાજન અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે

માળીયાહાટીના ખાતે નિઃશુલ્ક ડેન્ટલ કેમ્પ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

વણિક મહાજન અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટનાં ઉપક્રમે આગામી તા: ૧૭ ના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી વણિક મહાજન વંડી, માળીયા હાટીના ખાતે વિના મૂલ્યે દંતયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. દાંતનો દુ:ખાવો, હાલતા દુ:ખતા દાંત અને દાંતમાંથી લોહી પડવું, પાયોરિયાની આયુર્વેદ સારવાર તેમજ જરૂર પડયે ઇજેક્શન વગર જાલંધર બંધ યોગ વડે દાંત કાઢી પણ આપવામાં આવશે, દાંતનાં રોગોનું નિદાન કરી દવા વિતરણ કરવામાં આવશે. વૃદ્ધ જરૂરીયાતમંદ દર્દીને તદન ટોકન દરે દાંતની બત્રીસી બનાનવાની વ્યવસ્થા પણ દાતાનાં સહયોગથી ટોકન ભાવે કરેલ છે. આ કેમ્પ ભારતના સુપ્રસિદ્ધ દંત ચિકિત્સક ડો.જયસુખભાઈ મકવાણા, ડો. સંજયભાઈ અને જાગૃતિબેન અને મોનીકાબેન ભટ્ટ, રાજેશભાઈ વરિયા અને તેની ટીમ સેવા આપશે. સમગ્ર વ્યવસ્થા વણિક મહાજન અગ્રણી મહેમ્ભાઈ ગાંધીની દેખરેખ હેઠળ ગોઠવી રહ્યા છે.(૭.૧૨)

વોર્ડનં.૧૫ નિચાણવાળા વિસ્તારોની યાદીમાંથી ગાયબ!?

તંત્ર દ્વારા સ્થાનિક લોકો સાથે વ્હાલા-દવલાની નીતિ અપનાવી રહી છે?: નરેશ પરમાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

મનપાના વોર્ડ નં.૧૫ ના કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ નરેશભાઈ પરમારે જણાવ્યું છે કે,

મહાનગરપાલિકા દ્વારા ભારે વરસાદ દરમ્યાન પાણીમાં ફસાયેલા લોકોને રેસ્કયુ કરીને વોર્ડ નં ૪/ ૫/ ૬ / ૭ / ૧૧ / ૧૪ / ૧૬ / ૧૮ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા કુલ આશરે ૧૧૫૫ જેટલા લોકોને વિવિધ શાળાઓ અને અન્ય સ્થળોએ સ્થળાંતર કરી ફૂડ ડીશની પણ વ્યવસ્થા કરી હતી. વોર્ડ નં ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવે છે.

જ્યારે સમગ્ર રાજકોટની જનતા અતિ ભારે વરસાદના કારણે હેરાન પરેશાન હતા ત્યારે વોર્ડ નં ૧૫ નિચાણવાળા વિસ્તારો ડો.આબેડકરનગર.આરાધના સોસાયટી.ખોડીયારપરા.શીવનગર.ભારતનગર અને અન્ય વિસ્તારોમા વસવાટ કરતા લોકોના ઘરોમાં પાણી ઘુસ્યા હતા. કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર તથા ફાયર બ્રિગેડ અધિકારોને ફોન તથા મેસેજ દ્વારા અતિ ભારે વરસાદના પાણી નિકાલ માટે તાત્કાલિક ધોરણે કામગીરી હાથ ધરવા રજૂઆત કરવામાં આવી પણ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની રેસ્કયુ ટીમ કે ફાયર બ્રિગેડમાંથી એકેય સાંજ સુધીમાં આવ્યા નહિ.!

જાણે એવું લાગી રહ્યું છે કે વોર્ડ નં ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં

નિચાણવાળા વિસ્તારોની યાદીમાંથી ગાયબ થઈ ગયુ હોય. શું અહિયાં વસવાટ કરતા તમામ લોકોની ચિંતા તંત્રને નહોતી? તંત્રએ મુલાકાત અને નોંધ લેવા તસ્દી હાથ ધરી નહિ. હોવાનો આક્ષેપ કર્યો છે.(૧.૧૬)

ગુણવંતભાઈ ડેલાવાળાના જન્મદિવસે યોજાયેલ સર્વરોગ નિદાન કેમ્પમાં ૮૮૫ દર્દીઓએ લાભ લીધો

સરગમ કલબ એટલે સેવા અને સંપતિનો સમન્વયઃ વજુભાઈ વાળા

મેયર, મ્યુ.કમિશનર સહિત મહાનુભાવોની હાજરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જન્મદિવસે યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પનો મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો અને સારવાર મેળવી હતી. આ પ્રસંગે કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાએ સરગમ કલબની પ્રવૃતિને બિરદાવી હતી અને કહ્યું હતું કે, આ સંસ્થા સેવા અને સંપતિનો સમન્વય છે. આ પ્રસંગે શહેરના ૮૦ જેટલા ડોકટરોએ સેવા આપી હતી અને દર્દીઓને વિનામૂલ્યે દવા આપી હતી.

આ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન સરગમ કલબ અને સ્વ. સવિતાબેન છગનભાઈ પટેલ (ફિલ્ડ માર્શલ)ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. આ કેમ્પમાં પંચનાથ હોસ્પિટલ ઉપરાંત કમાણી ફાઉન્ડેશન, પ્રેમજી વાલજી એન્ડ સન્સ, અશોક ગોંધિયા મેમોરીયલ ટ્રસ્ટ, મહાવીર સેવા ટ્રસ્ટ, બ્લાન લેબ, ઇન્ડિયન મેડીકલ એસોસિએશન અને જે.વી.શેઠિયા ચેરીટેબલ ટ્રસ્ટનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, દેવાંગભાઈ માંકડ, ચંદ્રકાંતભાઈ શેઠ, લલીતભાઈ રામજીયાણી, નવીનભાઈ ઠક્કર, જગદીશભાઈ ડોબરિયા, એમ.એમ. ફાઉન્ડેશનના નંદલાલભાઈ માંડવીયા, વલ્લભભાઈ કથીરિયા, ગોપાલ નમકીનના બીપીનભાઈ હદવાણી, પરસોતમભાઈ કમાણી, છગનભાઈ ગઢિયા, રાકેશભાઈ પોપટ, યુસુફભાઈ જુણેજા, હરીસીંગ સુચરિયા, ડો. રાજેશભાઈ તેલી, ડો. અમિત હપાણી, ડો. પારસ શાહ, ડો. રશ્મી ઉપાધ્યાય ઉપરાંત ચંદ્રિકાબેન ધામેલીયા, લતાબેન તન્ના, તાબેન કથીરિયા, કુંદનબેન રાજાણી, આશાબેન શાહ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં પંચનાથ હોસ્પીટલના ચેરમેન દેવાંગભાઈ માંકડે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ કેમ્પમાં કુલ ૮૮૫ દર્દીઓ આવ્યા હતા અને તે પૈકી ૨૦૦ દર્દીને ચશ્માં વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા. આ સિવાય ૪૫ દર્દીઓના એક્સ રે, ૧૫ ની સોનોગ્રાફી અને ૮૭ન લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તમામ દર્દીને ચા-કોફી પણ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા. આ કેમ્પમાં શહેરના ૮૦ જેટલા નામાંકિત ડોક્ટરોએ સેવા આપી હતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જયસુખભાઈ ડાભી, મનમોહન પનારા, ઉપરાંત કમિટી મેમ્બરો વગેરેએ ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. માલાબેન કુંડલીયાએ કર્યું હતું જ્યારે આભારવિધિ ડો. રાજેશ તેલીએ કરી હતી.(૧.૧૬)

દામનગરઃ શ્વાનને સ્વીટ લાડુ, સુખડીનું વિતરણ થશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

દામનગર, તા.૧૪

દામનગર શહેરના દરેક વિસ્તારોમાં શ્વાનને સ્વીટ લાડુ અને સુખડી વિતરણ થશે અપાર ભૂખનું દુઃખ સહન કરતા શ્વાન માટે લાડુ અને સુખડી શહેરના દરેક વિસ્તારોમાં દિવસ દરમ્યાન નિયમિત દૈનિક એક વાર વિતરણ થશે લાડુ અને સુખડી બનાવટ માટેની સેવા આવકાર્ય છે શ્વાન માટે લાડુ સુખડી વિતરણ સેવા ઉપરાંત જીવદયા કરુણા વત્સલ્ય સેવા માટે લાડુ સુખડી બનાવી આપનાર આવકાર્ય છે.(૭.૧૬)

હળવદમાં મેઘો મન મૂકીને વરસ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ, તા.૧૪

હળવદમાં રવિવાર વહેલી સવારથી મેઘરાજાની તોફાની બેટિંગથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતાં.જોત જોતા ૨ ઈંચ વરસાદ વરસી ગયો હતો. મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાય ગયા હતા. હળવદના શકિત ટોકીઝ પાસે, સરા રોડ. રેલ્વે સ્ટેશન રોડ. નવનિર્માણ સ્કુલ બસ સ્ટેશન રોડ,કુભારપરા,ખરાવાડ, સહિતના વિસ્તારોમાં ઠેર ઠેર જગ્યાએ વરસાદી પાણી ભરાયા હતા.

મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા નિચાણવાળા વિસ્તારમાં ઠેક ઠેકાણે પાણી ભરાયા

હળવદ ગ્રામ્ય પથકમાં નદીનાળામાં નવા નીર વહેતા થયા હતા. ગામડાઓ અને શહેરમાં વરસાદી પાણી રસ્તાઓ પર ફરી વળ્યા અને વહેતી નદી જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.શહેર માં વહેલી સવારથી ગાજવીજ અને પવન સાથે વરસાદ થતા શહેરના મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા તો બાળકોએ વરસાદમાં ન્હાવાની મજા માણી હતી વરસાદી વાતાવરણને પગલે ગરમીમાં પણ થોડી રાહત જોવા મળી હતી.

છેલ્લા ત્રણ દીવસથી મેઘરાજાએ ગાજવીજ કડાકાભડાકા સાથે એન્ટ્રી કરી હતી.સતત ત્રીજા દીવસે બે ઈંચ વરસાદ વરસી ગયો હતો. લોકોએ રાહત અનુભવી હતી. શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા પ્રિ-મોન્સૂન પ્લાન નો ફીયાસકો જોવા મળ્યો હતો. ગાજવીજ સાથે મેઘરાજાએ તડાફડી સાથે એન્ટ્રી કરતા માલધારીઓ માં આનંદની લાગણી પ્રસરી ગઇ હતી. દિવસભર શહેરમાં અને પંથકમાં વરસાદી માહોલ જોવા મળયો હતો.(૭.૧૬)

વડિયામાં ત્રણ લાખના ખર્ચથી ગ્રામ પંચાયત દ્વારા બ્લોક રોડનુ ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વડીયા, તા.૧૪

સમગ્ર દેશમાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટ ફાળવવામાં આવતા દેશના ગામડાઓમાં વિકાસ કાર્યોને ગતિ મળી છે. વડિયા ગ્રામ પંચાયત દ્વારા ગામના લોકોને સારા અને પાકા રસ્તાઓની સુવિધાઓ આપવા માટે સરકારની વિવિધ યોજનાઓ મારફત અનેક નવા રસ્તાઓ અને સુવિધાઓનુ નિર્માણ કરાયું છે. હાલ સરકાર દ્વારા ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી ત્રણ લાખના ખર્ચથી કુંકાવાવ રોડ પર આવેલા આંબેડકર નગરમાં લોકોને પડતી મુશ્કેલીને ધ્યાને લઇ લોકો અને સ્થાનિક આગેવાનોની રજૂઆતના અનુસંધાને બ્લોક રોડનુ ખાતમુર્હત ગ્રામપંચાયતના સરપંચ રમાબેન ઢોલરીયા, જિલ્લા ભાજપના મંત્રી પાર્વલબેન દાફડા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, ઉપ સરપંચ છગન ઢોલરીયા, સદસ્ય ચેતન દાફડા અને આ વિસ્તારના લોકોની હાજરીમાં શ્રીફળ વધેરી કરવામાં આવ્યું હતુ.(૧૫.૧૬)

મુખ્યમંત્રીનું પદ ગ્રહણ કરતા પહેલા SGVP ગુરૂકુલ ખાતે સંતોના આશીર્વાદ લેતા મુખ્યમંત્રી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૧૪

મુખ્યમંત્રી પદ ગ્રહણ કરતાં પહેલા ભુપેન્દ્રભાઈ પટેલ, SGVP સ્વામિનારાયણ ગુરુકુલ, છારોડી ખાતે દર્શને તથા સંતોના આશીર્વાદ લેવા પધાર્યા હતા.

શાસ્ત્રી માધવપ્રિયદાસજી અને પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીએ, ઋષિકુમારો દ્વારા વૈદિક મંત્ર ગાન અને પૂર્ણકુંભ સાથે સ્વાગત કર્યું હતું. રાજ્ય સંચાલનમાં સફળતા માટે શુભ કામના પાઠવી હતી.

તેઓએ પદભાર સાંભળતા પહેલા SGVP માં દેવ દર્શન કરી, સંતના આશીર્વાદ લઈ ગાય માતાનું વેદોક્તમંત્રો સાથે વિધિવત પૂજન કરી મંગળ પ્રયાણ કર્યું હતું.(૭.૧૬)

અખિલ ભારતીય માનવ અધિકાર નિગરાની સમિતિના જસદણ-વિંછીયાના પ્રમુખપદે મેહુલ સંઘવીની નિમણૂંક

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૧૪

અખિલ ભારતીય માનવ અધિકાર નિગરાની સમિતિ ન્યુ દિલ્હીના ગુજરાત પ્રદેશ પ્રમુખ નિલેશભાઈ જોષી અને પ્રદેશ મહામંત્રી દુષ્યંતસિંહ રાજ દ્વારા જસદણ શહેરના યુવા વેપારી અગ્રણી અને નિ:સ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના પ્રમુખ મેહુલભાઈ સંઘવીની અખિલ ભારતીય માનવ અધિકાર નિગરાની સમિતિના જસદણ-વિંછીયાના પ્રમુખપદે નિમણૂંક થતા જસદણ-વિંછીયા પંથકમાં આનંદની લાગણી પ્રસરી છે.

બિન રાજકીય અને રાષ્ટ્રવાદી સંસ્થા તરીકે સક્રિયતાથી કાર્યરત અખિલ ભારતીય માનવઅધિકાર નિગરાની સમિતિ દ્વારા સમગ્ર દેશમાં માનવ અપરાધો પર રોક લગાવવા અને માનવ અધિકાર પ્રત્યે સામાન્ય જનતાને જાગૃત કરવા તેમજ લોક ઉપયોગી કાર્યો અને સેવાકીય કાર્યો કરવા માટે સમિતિ સતત પ્રયત્નશીલ છે. નિ:સ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના વલ્લભભાઈ જીંઝુવાડીયા, હસમુખભાઈ મકવાણા, હિતેષભાઈ જોષી, સહિતના વિવિધ આગેવાનોએ મેહુલભાઈ સંઘવીની નિમણૂકને આવકારી શુભેચ્છા પાઠવી હતી.(૭.૧૬)

લોઢવામાં વાછડાદાદાનો હવન યોજાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

લોઢવા, તા.૧૪

લોઢવા ગત તા.૧૩ નાં રોજ ભોળા જાદવ દ્વારા લોઢવા ગામમાં પંદર વર્ષ પહેલા ઝેરી સાપ તથા હડકાયા કૂતરાનો મોટો રંજાડ હતો. તેથી લોઢવા ગામમાં સમસ્ત ગ્રામજનો દ્વારા ભાદરવા મહિનાનાં સોમવારે સમસ્ત ગ્રામજનો કોઈપણ નાતજાતનાં ભેદભાવ વગર પ્રસાદ લેઈ છે.

આ દિવસે તમામ દૂધ ઉત્પાદકો દૂધ વેંચવાના બદલે આ કાર્યમાં દૂધ આપે છે. તેમજ નિવેદમાં ઘી, ચોખા, ઘઉં પણ સાથે લાવે છે. આ કાર્યમાં ૩૦ મણ ઘઉંનાં લોટની પૂરી, ૩૦૦૦ લીટર દૂધનો દૂધપાક તથા ૩૦ મણ બટેટાની સુકી ભાજી ગામ લોકો જાતે મહેનત કરી બનાવીને સમૂહમાં પ્રસાદી આરોગે છે.

તેમજ ગામના ઝાંપે ગામના તમામ બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોકવિધિ પ્રમાણે હોમહવન કરે છે અને ગામમાં આવેલ તમામ દેવી દેવતાનાં મંદિરે નિવેદ ધરવામાં આવે છે.

આ કાર્ય ચાલુ કરેલ ત્યારથી ગામમાં ઝેરી સાપ કરડવાનું તથા હડકવાનું નહીવત થઇ જતા ગ્રામજનોને આ કાર્યમાં પૂર્ણ શ્રધ્ધા ધરાવે છે.(૭.૧૨)

'આત્મમંથન'

રોજબરોજ બનતી ઘટનાઓ અને આપણે...

ગુજરાતનાં મુખ્યમંત્રીએ શું કરવું જોઈએ અને દેશનાં પ્રધાનમંત્રીએ શું બોલવું જોઈએ અથવા એથી ઉલટું, સતત આવી ચીંતામાં રહેતો **CM - common man** પોતે કઈ ઘટના પર શું બોલવું જોઈએ અને શું **react** કરવું જોઈએ એ તો ભૂલી જ જાય છે.

ચાલો જોઈએ, આપણે ક્યાં અને શું ભૂલ્યા?

ટપુ (રાજ કક્કડ) બબીતાજી (મુનમુન દત્તા) સાથે ડેટ કરે છે એ સાંભળીને બધાં જ જેઠાલાલો અને દયાભાભીઓએ દેકારો મચાવી દીધો, બન્નેની ઉંમરથી લઈને બન્નેની અલગ-અલગ બોલી (માતૃભાષા) વિશે પણ ચર્ચા થઈ, શા માટે આટલી ચીંતા, એ પણ આપણને? કોઈનાં અંગત જીવનની? બબીતાનો પ્રેમ હોય કે કરીનાનો જેમ હોય, આપણે વચ્ચે પડ્યાં વગર ના જ ચાલે, એમની લાઈફ છે, **Let them live, let them enjoy..** પણ ના, આપણે તો જ્ઞાન બાટવુ જ પડે. પતિ કરતાં પત્ની નાની હોય (સૈફ -કરીના) તોયે વાંધો અને મોટી હોય તો પણ..

આપણે આપણું નાક બધી જ બાબતે ખોંસવુ છે, સોશ્યલ મીડિયા ગજવવુ જ છે અને આવી જ મગજમારીમાં જ્યાં આપણે આપણું નાક ખોંસવુ જોઈએ ત્યાં ખોંસવાનુ રહી જાય છે, દેકારો મચાવવો જોઈએ ત્યાં આપણાથી ચુપચાપ તમાશો જોવાની ભૂલ થઈ જાય છે.

મુંબઈમાં અંધેરી પૂર્વમાં આવેલાં સાકીનાકા વિસ્તારમાં એક ગરીબ સ્ત્રી સાથે ટેમ્પો ડ્રાઈવરે દિલ્હીની નિર્ભયા સાથે જે દુષ્કૃત્ય થયું હતું એવું જ દુષ્કૃત્ય કર્યું, એ સ્ત્રીની **injury** એટલી ભયાનક હતી કે એની સારવાર કરનાર લેડી ડોક્ટર ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં, સારવાર પછી પણ એ સ્ત્રી ના બચી, અહીં ઉહાપોહ થવો જોઈતો હતો પણ ના થયો, સોશ્યલ મીડિયા ગાજવુ જોઈતું હતું પણ ના ગાજ્યું, યોગાનુયોગ જુઓ, **Woman uplifting** માટે સતત કાર્યરત રહેનાર અને મુંબઈ સમાચારમાં જીવનપર્યંત પત્રકાર તરીકે સેવા આપનાર સોનલબેન શુકલનું આ જ સમયમાં અવસાન થયું, શું સ્ત્રીઓ માટે ઉઠતો અવાજ હવે નહીં ઉઠે? શું આપણી ફરજ નથી એમનાં ચીંધેલા રાહ પર ચાલવાની? એમની પ્રગટાવેલી મશાલ હંમેશા પ્રજ્વલિત રાખવાની? સાચી શ્રધ્ધાંજલિ આપવા ખરેખર તો એમનાં જેવું અને જેવડું નહીં તો એટલિસ્ટ એમનાં અંશ જેવું / જેટલું તો બનવું પડે.

(મમતા પટેલ-મુંબઈ)

મુંબઈની એ શરમજનક ઘટના પર આપણી સંસ્કૃતિનાં ઠેકેદારો પણ તદ્દન ચુપ રહ્યાં કારણ એક નહીં ઘણાં છે, પહેલું તો આ ઘટનાં સાંપ્રદાયિક નહોતી, ઉપરથી આ ઘટના સાવ ગરીબ ઘરની સ્ત્રી સાથે થઈ, કોઈ હાઈ પ્રોફાઈલ પરિવારની સ્ત્રી સાથે નહીં એટલે સહાનુભૂતિ પણ નહોતી અને આ ઘટનાં જ્યાં બની એ રાજ્ય... કંઈ બોલાય આપણાથી? રૂપા - ભુપા હોય તો ઠીક આ તો ઉઠાનુ રાજ્ય.. ચુપ જ રહેવું, સોરી મરવું પડે.

સ્વરા ભાસ્કર, સંભાવના શેઠ જેવી બિચારીઓ દિલ્હી સુધી દોડી જાય પણ અહીં ઘર આંગણે ઘરમાંથી બહાર ના નીકળી, હશે કોરોનાથી ડરતી હશે અને પેલું તીણું નાક - કોટન સાડી? સોરી, એ ફક્ત ઉત્તર પ્રદેશને જ **dedicated** છે.

આ રૂપા - ભુપા પરથી યાદ આવ્યું, આપણે આપણાં જ **CM - PM** ની જે મજાક ઉડાવીએ છીએ, શું વાત છે હં, આપણને મળતી સ્વતંત્રતાની..,સલામ આપણી લોકશાહીને.. જેમાં આપણે બીજાને માન આપવાનું તો ભુલ્યા જ છીએ, સાથે સાથે બીજાનું અપમાન કરતા પણ શીખ્યા છીએ.

ક્યાં રાજ્યના **CM** એ રાજ્યની **local language** સિવાય ભાષણ આપે છે? પણ રૂપાણીના હિન્દીની બહું જ મજાક ઉડાવાઈ, ખુલ્લેઆમ..હદ તો ત્યારે થઈ જ્યારે મજાક ઉડાવનારા એમની પોસ્ટ - કમેન્ટમાં ગુજરાતી શુધ્ધા કે વ્યવસ્થિત રીતે લખી નહોતાં શકતાં.. ફેસબુક જેવાં સોશ્યલ પ્લેટફોર્મ પર લખાતાં ઈંગ્લીશ વિશે તો કંઈ ના બોલવું જ બહેતર છે. ખેર, પોતાની ભૂલો કોઈનેય ક્યારેય દેખાય / પરખાય ખરી?

કોંગ્રેસના જમાનામાં પણ રાતોરાત મુખ્યમંત્રી બદલાવાના નિર્ણયો લેવાતાં રહ્યા છે પણ એ તો હાઈ કમાન્ડ કહેવાય જ્યારે અહીં તો કઠપુતળી, મદારી.. કેવાં કેવાં શબ્દ પ્રયોગ? દુર્ગાનો અવતાર રાષ્ટ્રપતિ પણ રબર સ્ટેમ્પ જેવાં બેસાડી શકે પણ બિચારા મદારી મુખ્યમંત્રી પણ ના બેસાડી શકે? જો કે ના જ બેસાડાય અને એટલે જ કદાચ ભૂલ સુધારવાની કોશિશ કરાઈ લાગે છે, આશા રાખીએ કે આ ભુપાભાઈ સોરી ભુપેન્દ્ર પટેલ જે મહેસાણાનાં કડવા પટેલ છે, ઘાટલોડિયા વિસ્તારનાં ધારાસભ્ય છે અને ભુતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલનાં માનિતા છે, એટલું જ નહીં, **RSS** જેવી સ્વયં સેવક સંસ્થા સાથે પણ જોડાયેલા છે એ ગુજરાતનો નાથ બનીને ગુજરાતનું ભલું કરે.

ઈલેકશન નજીક છે, આપ - સાપ - બાપ બધાં જ પોતપોતાના દાવ રમશે, નવી નવી ચાલ ચાલશે પણ પ્રજા તો એને જ મત આપશે જે એને ગમશે.. ખરું ને? દરેક મુદ્દે આત્મમંથન અનિવાર્ય, કરશો ને?

મેઘો અનરાધાર,

નિચાણવાળા વિવિધ વિસ્તારોમાં લોકોના સ્થળાંતરની સઘન કામગીરી હાથ ધરાઈ

તંત્ર એલર્ટ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા. ૧૪ : રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં શનીવારે મોડી રાત્રીથી શરૂ થયેલ મેઘમહેર આજે સતત ત્રીજા દિવસે યથાવત છે.સોરઠમાં મેઘાનું જોર વધુ છે મોરબીથી કચ્છ સુધીના વિસ્તારમાં ઓછો વરસાદ વરસ્યો છે. સર્વત્ર મેઘરાજા અનરાધાર વરસી રહ્યા છે. ટંકારામાં સાડા ત્રણ ઇંચ વરસાદ પડયો છે. આજે સવારે જુનાગઢના કેશોદ, માળીયાહાટીના વંથલીમા ૩ ઇંચ, જુનાગઢ, માંગરોળ, ઘોઘા, ભાવનગર, ગોંડલ, કોટડાસાંગાણીમાં ૨ ઇંચ, કલ્યાણપુર, તાલાલા, જામકંડોરણામાં દોઢ તથા વેરાવળ અને ધોરાજીમાં ૧ ઇંચ વરસાદ પડયો છે. સવારથી સર્વત્ર ડોળ યથાવત છે. અને હળવા ભારે ઝાપટા સાથે વરસાદ વરસી રહ્યો છે તંત્ર એલર્ટ થઇ ગયું છ.જુનાગઢ શહેર અને આસપાસના વિસ્તારોમાં ઉપરાંત ગીરનાર તેમજ દાતાર જંગલ પર્વતમાં ગઇકાલે બપોર બાદ વરસાનું જોર ધીમુ પડયું હતું પરંતુ મોડી રાત્રીથી મેઘરાજા અનરાધાર તુટી પડયા હતા જેના કારણે ફરી પાણી પાણી થઇ ગયું હતું. ભારે વરસાદથી જુનાગઢના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય ગયા હતા તેમજ રાબેતા મુજબ જોશીપરા, અનેઝાંઝરડા રોડ અંડર બ્રિજ પાણીથી છલોછલ થઇ ગયા હતા. જુનાગઢમાં આજે સવારે ૬ થીટના બે કલાકમાં વધુ બે ઇંચ વરસાદ નોંધાતા લોકો વધુ મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા.

રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓના ૧૮ ગામડાઓના કુલ ૧૪૩૩ લોકોનું સ્થળાંતર કરાયું

રાજકોટ: રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લાના ૧૧ તાલુકાઓના ૧૮ ગામડાંઓના ૧૪૩૩ લોકોનું સલામત સ્થળોએ સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે રાજકોટ તાલુકાના ૫૫ નાગરિકો, ગોંડલ તાલુકાના ૪૦૫ નાગરિકો, કોટડાસાંગાણીના ૨૧૫ નાગરિકો, લોધિકા તાલુકાના ૧૦૦ નાગરિકો, જામકંડોરણા તાલુકાના ૨૬૫ નાગરિકો, ઉપલેટા તાલુકાના ૪૬ નાગરિકો અને પડધરી તાલુકાના ૩૪૭ નાગરિકો મળી કુલ ૧૮ ગામડાઓના ૧૪૩૩ નાગરિકોને રાત્રે આઠ વાગ્યા સુધીમાં વિવિધ સ્થળોએ આશ્રય આપવામાં આવ્યો છે અને બચાવ રાહતની કામગીરી આરંભી દેવામાં આવી છે. (૪.૧૨)

રાજકોટ જિલ્લા, તાલુકા અને મહાનગર પાલિકાના આપદા પ્રબંધન કેન્દ્રના સંપર્ક નંબરો

રાજકોટ : રાજકોટ જિલ્લામાં ભારે વરસાદના કારણે મુશ્કેલીના સમયે મદદ માટે લોકો આપદા પ્રબંધન કેન્દ્ર ખાતે સંપર્ક કરી શકશે. જેમાં નિયંત્રણ કક્ષનો નં. ૦૨૮૧- ૨૪૭૧૫૭૩, ટોલ ફ્રી નં.૧૦૭૭, તાલુકા નિયંત્રણ કક્ષમાં રાજકોટનો નં.૦૨૮૧- ૨૪૭૯૬૬૪, ઉપલેટાનો નં.૦૨૮૨૬- ૨૨૧૪૫૮, કોટડા સાંગાણીનો નં.૦૨૮૨૭- ૨૭૬૨૨૧, ગોંડલનો નં.૦૨૮૨૫- ૨૨૦૦૬૩, જેતપુરનો નં.૦૨૮૨૩- ૨૨૦૦૦૧, જસદણનો નં.૦૨૮૨૧- ૨૨૦૦૩૨, જામકંડોરણાનો નં.૦૨૮૨૪- ૨૭૧૩૨૧, પડધરીનો નં.૦૨૮૨૦- ૨૩૩૦૫૯, લોધિકાનો નં.૦૨૮૨૭- ૨૪૪૨૨૧ તથા વિછિયાનો ૦૨૮૧-૨૭૩૪૩૨ તેમજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિયત્રણ કક્ષનો નં.૦૨૮૧- ૨૪૫૦૦૭૭ છે. તેમ રાજકોટ જિલ્લા ફલડ કંટ્રોલની યાદીમાં જણાવાયુ છે.(૪.૧૩)

ગોંડલના ડૈયા ગામના સીમ વિસ્તારમાં પાણીમાં ફસાયેલા ૧૮ લોકોનું રેસ્ક્યુ કરાયુ

રાજકોટ: રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ડૈયા ગામના સીમ વિસ્તારમાં ભારે વરસાદના કારણે પાણી ફરી વળતા આ વિસ્તારમાં ૧૮ જેટલા લોકો પાણીમાં ફસાઈ ગયા હતા. જેમનું ગોંડલ નગરપાલિકાની ટીમ દ્વારા સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. કલેકટર અરૂણ મહેશ બાબુ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી તેમજ રિજિયોનલ કમિશનર વરૂણ બરણવાલે સ્થળ પર ઉપસ્થિત રહી સમગ્ર રેસ્ક્યુ ઓપરેશનને પૂરું પાડવા માર્ગદર્શન આપ્યું હતુ. રેસ્ક્યુ કરાયેલા પાંચ પુરુષો સાત મહીલાઓ તેમજ છ બાળકોને સફળતાપૂર્વક બહાર કાઢી સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યા છે. (૪.૧૨)

વડિયામાં મેઘો મહેરબાન પાંચ ઇંચ વરસાદ થતાં સુરવો ડેમમાં આવ્યા નવા નીર

વડીયા: સમગ્ર રાજ્યમાં ભાદરવો વરસાદથી ભરપૂર હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે અમરેલીના વડિયામાં પણ ગઈ રાત્રીથી વરસાદનું ધીમી ધારે આગમન થતા અને સમગ્ર રાત્રી અને દિવસ દરમ્યાન વરસાદ અવિરત ચાલુ રહેતા કુલ સાડા પાંચ ઇંચ વરસાદ નોંધાયો હતો. ઉપરવાસના ગામડાઓ રામપુર, તોરી, અરજનસુખ, મોરવાડા, ખાન ખીજડીયા સહીતના ગામોમાં વરસાદના કારણે વડિયાના લોકોની જીવાદોરી સમાન સુરવો ડેમમાં પણ મોટા પ્રમાણમાં નવા નીરની આવક થઇ હતી.

કોટડા સાંગાણીઃ ખેતરોના પાક પાણીમાં ગરકાવ

સરધારઃ નદીનાળા છલોછલ થયાં

વીરપુરઃ ખેડૂતોએ નવા નીરના વધામણા કર્યા

એન.ડી.આર.એફની પંજાબના ભટિંડા ખાતેથી ત્રણ ટીમ રાજકોટ આવી

રાજકોટ: હાલમાં ચાલી રહેલા ભારે વરસાદને કારણે રાજકોટ જિલ્લામાં સર્જાયેલી આપત્તિજનક પરિસ્થિતિને થાળે પાડવા માટે એન.ડી.આર.એફ.ની ચાર અને એસ.ડી.આર.એફ. ની એક ટીમ રાજકોટ આવી ચૂકી છે. અને પૂરમાં ફસાયેલા નાગરિકોને સલામત સ્થળે સ્થળાંતર કરવાની કાર્યવાહી કરી રહી છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે પંજાબના ભટિંડા ખાતેથી હવાઈ માર્ગે રાજકોટ આવી પહોંચેલી એન.ડી.આર.એફ.ની ત્રણ ટીમોએ ધોરાજી, ગોંડલ તથા રાજકોટ શહેરના પ્રાંત અધિકારીઓના માર્ગદર્શન હેઠળ નાગરિકોના બચાવ રાહતની કામગીરી શરૂ કરી દીધી છે, જેનાથી મહત્તમ લોકોનું સ્થાનાંતર શક્ય બન્યું છે અને જાનમાલની ખુવારી અટકાવી શકાઇ છે.

એન.ડી.આર.એફ.ની ચોથી ટીમ વડોદરાથી સડક માર્ગે લોધિકા આવી પહોંચી છે, જેને લોધીકા તાલુકાના વિવિધ ગામોમાં ફસાયેલા નાગરિકોના સ્થળાંતર માટે કાર્યરત કરી દેવાઇ છે. તથા એસ.ડી.આર.એફ.ની એક ટીમના સભ્યો ગાંધીનગરથી હવાઈ માર્ગે રાજકોટ આવી પહોંચ્યા છે, જેના સભ્યોએ રાજકોટ શહેર-૨ ના પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ શહેરી વિસ્તારમાં વરસાદને લીધે હાલાકી ભોગવી રહેલા નાગરિકોની મદદ કરવાની કામગીરી સોંપાઈ છે. (૪.૧૨)

પડધરી તાલુકાના નાના ઇંટાળા ગામ પાસે ડોંડી ડેમ ઓવરફ્લો – ૮ દરવાજા ખોલાયા

રાજકોટ અધિક્ષક ઈજનેર, રાજકોટ સિંચાઇ વર્તુળ(ફ્લડ સેલ), રાજકોટ તરફથી જણાવવામાં આવે છે કે રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના નાના ઇંટાળા ગામ પાસે ડોંડી ડેમ તેની નિર્ધારીત સપાટીથી ૧૦૦ ટકા ભરાતા તેના ૮ દરવાજા ૭ ફૂટ ખોલવામાં આવ્યા છે. આથી ડોંડી ડેમના હેઠવાસમાં આવેલા પડધરી તાલુકાના પાંભર ઇંટાળા, નાના ઇંટાળા, લક્ષ્મી ઇંટાળા તેમજ હિદળ ગામના લોકોને નદીના પટમાં અવરજવર નહીં કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવે છે. (૪.૧૩)

મોજ નદીમાં પૂર આવતાં ૨૫૦થી વધુ લોકોનું સ્થળાંતર

રાજકોટ : રાજકોટ જિલ્લામાં અતિ ભારે વરસાદ અવિરત વરસી રહ્યો છે ત્યારે જામકંડોરણા તાલુકાના મોજખીજડિયા ગામે ભારે વરસાદના કારણે મોજ નદીમાં ઘોડાપૂર આવતાં આ ગામમાં પાણી ફરી વળતા વહિવટી તંત્ર દ્વારા ૨૫૦થી વધુ લોકોને નજીકના ચિત્રાવડ ગામની પ્રાથમિક શાળામાં સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું છે. તેમ રાજકોટ જિલ્લા ફલડ કંટ્રોલની યાદીમાં જણાવાયું છે.(૪.૧૩)

વેણુ-૨ ડેમના કુલ ૧૪ દરવાજા, ખોલાયા

રાજકોટ :અધિક્ષક ઈજનેર, રાજકોટ સિંચાઇ વર્તુળ(ફ્લડ સેલ), રાજકોટ તરફથી જણાવવામાં આવે છે કે રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ગઢેથડ ગામ પાસેનો વેણુ-૨ ડેમ તેની નિર્ધારીત સપાટીએ ૧૦૦ ટકા ભરાઇ ગયેલ છે. આથી વેણુ-૨ ડેમના કુલ ૧૪ દરવાજા, ૧૫ ફુટ ખોલવામાં આવેલ છે. આથી હેઠવાસમાં આવેલા ઉપલેટા તાલુકાના ગઢેથડ, વરજાંગજાળીયા, મેખાટીંબી, નાગવદર અને નીલાખા ગામના લોકોને નદીના પટમાં અવરજવર નહીં કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવે છે. (૪.૧૩)

જામકંડોરણા તાલુકાનો ફોફળ-૧ ડેમ ઓવરફ્લો

રાજકોટ: અધિક્ષક ઈજનેર, રાજકોટસિંચાઇવર્તુળ(ફ્લડસેલ), રાજકોટ તરફથી જણાવવામાં આવે છે કે રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના દુધીવદર ગામ પાસેનો ફોફળ-૧ ડેમ ૯.૫ ફુટથી ઓવરફલો થઇ રહ્યો છે અને૧,૨૧,૦૦૦ ક્યુસેક પાણીનો પ્રવાહ છોડવામાં આવી રહ્યો છે. આથી ડેમના નીચાણના વિસ્તારમાં આવેલા ઈશ્વરીયા, તરવડા અને વેગડી ગામોના નાગરિકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવે છે.(૪.૧૨)

આજી – ૩ ડેમ ડેમના કુલ ૧૩ દરવાજા ૬ ફુટ ખોલાયા

રાજકોટ અધિક્ષક ઈજનેર, રાજકોટ સિંચાઇ વર્તુળ(ફ્લડ સેલ), રાજકોટ તરફથી જણાવવામાં આવે છે કે રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખજુરડી ગામ પાસેનો આજી – ૩ ડેમ તેની નિર્ધારીત સપાટીએ ૧૦૦ ટકા ભરાઇ ગયેલ છે. આથી આજી – ૩ ડેમના કુલ ૧૩ દરવાજા, ૬ ફુટ ખોલવામાં આવેલ છે. આથી હેઠવાસમાં આવેલા પડધરી, ટંકારા, જોડીયા અને ધ્રોલ તાલુકાના ખજુરડી, થોરિયાળી, ખીજડીયા મોટા, ખાખરા, બોડકા, જસાપર. જીરાગઢ, મેઘપર, પીઠડ, રસનાળ, ટીંબડી, મોડપર, ધરમપુર, સગાડીયા, સધાધુના, દેડકદડ ગામના લોકોને નદીના પટમાં અવરજવર નહીં કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવે છે. (૪.૧૩)

ડાંગમાં ભારે વરસાદથી અનેક ગામ સંપર્ક વિહોણા

ડાંગ, તા.૧૪

ડાંગમાં સર્વત્ર મેઘરાજાની ધુવાધાર બેટિંગ અને અતિશય ભારે વરસાદના કારણે ડાંગ જિલ્લામાં કેટલાક નદી - નાળાઓ પર બનાવેલા કોઝવે ઓ પર પણ પાણી ફરી વળતા આવા ગામડાંઓ સંપર્ક વિહોણા થઈ ગયા હતા અને તેના કારણે વાહન-વ્યવહાર ખોરવાયો હતો. જેમાં આહવા તાલુકાના ખાપરી નદી પરના વાંગણ પાસેનો તેમજ ધુલચોડ કોઝવે અને સુબિર તાલુકામાં આવેલ ચીખલીથી લવચાલી જતા નાળાઓ પાણીમાં ગરકાવ થવા પામ્યા છે. જેને કારણે આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકો અને વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. (૪.૧૨)

જેતપુર છાપરાવાડી – ૨ ડેમના દરવાજા ગમે ત્યારે ખોલવામાં આવશે

રાજકોટ અધિક્ષક ઈજનેર, રાજકોટ સિંચાઇ વર્તુળ (ફ્લડ સેલ), રાજકોટ તરફથી જણાવવામાં આવે છે કે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાનો જેપુર ગામ પાસેનો છાપરાવાડી – ૨ તેની નિર્ધારીત સપાટીથી ૭૦ ટકાથી વધુ ભરાઇ ગયેલ છે. ડેમ પૂર્ણ કક્ષાએ ભરાતા તેના દરવાજા ગમે ત્યારે ખોલવામાં આવશે જેને ધ્યાને લઈ છાપરાવાડી – ૨ ડેમના હેઠવાસમાં આવેલા લુણાગરા, જાંબુડી, કેરાળી, મેવાસા, પ્રેમગઢ, લુણાગરી, રબારીકા ગામના લોકોને નદીના પટમાં અવરજવર નહીં કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવે છે. (૪.૧૩)

ભાદર–૨ ડેમના દરવાજા ગમે ત્યારે ખોલવામાં આવશે

રાજકોટ અધિક્ષક ઈજનેર, રાજકોટ સિંચાઇ વર્તુળ (ફ્લડ સેલ), રાજકોટ તરફથી જણાવવામાં આવે છે કે રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ભુખી ગામ પાસેનો ભાદર-૨ ડેમ તેની નિર્ધારીત સપાટીથી ૭૦ ટકાથી વધુ ભરાઇ ગયેલ છે. ડેમ પૂર્ણ કક્ષાએ ભરાતા તેના દરવાજા ગમે ત્યારે ખોલવામાં આવશે જેને ધ્યાને લઈ ભાદર-૨ ડેમના હેઠવાસમાં આવેલા ધોરાજી તાલુકાના ભોળા, ભોલગામડા, છાડવાવદર, સુપેડી, ઉપલેટા તાલુકાના ડુમીયાણી, ચીખલીયા, ગણોદ, ભીમોરા, ગાધા, ગંદાડ, હાડફોડી, ઇસરા, કુંઢેચ, લાઠ, મેલી મજેઠી, નીલાખા, તલગણા, તથા ઉપલેટા, માણાવદર તાલુકાના વેકરી, ચીખલોદરા, બિલડી, વાડાસડા, કૃતિયાણા તાલુકાના રોઘડા, ચૌટા, થેપડા, માંડવા, કટવાણા, કુતિયાણા, પસવાડી, સેગરસ, ભોગસર, છત્રાવા જ્યારે પોરબંદર તાલુકાના ગરેજ, ચીકાસા, નવીબંદર અને મીત્રાળા ગામના લોકોને નદીના પટમાં અવરજવર નહીં કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવે છે. (૪.૧૩)

ન્યારી-૧ ડેમના ૭ દરવાજા ૪ ફુટ ખોલાયા

રાજકોટ: અધિક્ષક ઈજનેર, રાજકોટ સિંચાઇ વર્તુળ(ફ્લડ સેલ), રાજકોટ તરફથી જણાવવામાં આવે છે કે રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના વાજડી વીરડા ગામ પાસેનો ન્યારી-૧ ડેમ તેની નિર્ધારીત સપાટીથી ૧૦૦ ટકા ભરાતા તેના ૭ દરવાજા ૪ ફૂટ ખોલવામાં આવ્યા છે. આથી ન્યારી-૧ ડેમના હેઠવાસમાં આવેલા રાજકોટ તાલુકાના વાજડી-વીરડા, વેજાગા, ગઢવાળી વાજડી તથા લોધીકા તાલુકાના વડાળી વાજડી, હરીપાર (પાળ) અને પડધરી તાલુકાના ખંભાળા, ન્યારા, રંગપર, તરઘડી, મોટા રંગપર ગામના લોકોને નદીના પટમાં અવરજવર નહીં કરવા અને સાવચેત રહેવા સૂચના આપવામાં આવે છે.(૪.૧૩)

માંગરોળ પંથકમાં ભારે વરસાદના પગલે કામનાથની નોળી નદીમાં પુર

માંગરોળમાં ગત મોડી રાત્રિથી ભારે વરસાદી માહોલ સર્જાયો હતો. ભારે વરસાદના કારણે માંગરોળમાં ભારે વરસાદના પગલે માંગરોળની નોળી નદીમાં પુર આવ્યું હતું. ભારે વરસાદના કારણે આવેલ પુરના કારણે નોળી નદી બંને કાંઠે વહી હતી, તો પુર જોવા લોકો કામનાથ ખાતે ઉમટી પડયા હતા. (૪.૧૩)

રાજકોટ મનપા દ્વારા ૩૩૪ લોકોને રેસ્ક્યુ કરાયા

નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા ૧૧૫૫ જેટલા લોકોનું વિવિધ શાળાઓ અને અન્ય સ્થળોએ સ્થળાંતર

રાજકોટ, તા.૧૪

રાજકોટમાં વરસેલા ભારે વરસાદને પગલે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા ફાયર સ્ટાફે શહેરના વિવિધ વિસ્તારોમાંથી મળેલી ફરિયાદો મુજબ આશરે સવા ત્રણસોથી વધુ લોકોને સહીસલામતરીતે રેસ્ક્યુ કરેલ હતાં.

આ ઉપરાંત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા કુલ આશરે ૧૧૫૫ જેટલા લોકોનું વિવિધ શાળાઓ અને અન્ય સ્થળોએ સ્થળાંતર કરી ફૂડ ડીશની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. (૪.૧૨)

પાણી ભરાવવાની ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરતુ મનપા

રાજકોટ: રાજ્યમાં આગામી ૪ દિવસ ભારે વરસાદની આગાહી છે. જેના પગલે સમગ્ર તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. આગાહી મુજબ ગઈકાલે તા.૧૩ નાં રોજ રાજકોટમાં સવારથી ભારે વરસાદ પડ્યો હતો. ૬ કલાકમાં ૧૦ ઇંચથી વધુનો વરસાદ પડી જતા રાજકોટ મનપાનાં કોલ સેન્ટરમાં ફરિયાદોનો ઢગલો થઇ ગયો હતો. ભારે વરસાદને કારણે શહેરમાં અનેક જગ્યાએ પાણી ભરાવવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેનો મનપાનાં કર્મચારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરનાં વેસ્ટ ઝોનમાં સતત સેન્ટ્રલ ઝોનમાં ૪, ઇસ્ટ ઝોનમાં ૩ પાણી ભરાવવાની ફરિયાદો આવી હતી. મનપા દ્વારા ૧૩ જેસીબી, ૧૪ ટ્રેક્ટર, ૧૦૨ મજુર સહિત ૧૯ ટીમો સતત કામે લાગીને તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો હતો.(૪.૧૨)

Dt.14-09-2021 8
મંગળવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

ગુજરાતમાં નેતૃત્વ પરીવર્તન માટે ફરજ પાડનારા અનેક કારણો રાજકીય લોબીમાં ચર્ચાના એરણે

મુખ્યમંત્રીને મળવા હવે ડાયવર્ઝન રહેશે??

અહિથી તો પસાર થવું જ પડે? તેવી ભૂમિકાનું સર્જન થયા હોવાની ચર્ચા, સૌરાષ્ટ્રનો અવાજ દબાયાની લાગણીઃ નવા મુખ્યમંત્રી બદલાવ લાવશે?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

ગુજરાતમાં ભાજપ સરકારમાં નેતૃત્વના પરિવર્તનના ઓર્ચીતા લેવાયેલા નિર્ણયને પગલે રાજકીય પંડિતો અને વિશ્લેષકોમાં ફેંસલા પાછળના જવાબદાર કારણો અંગે જાતજાતની ચર્ચા શરૂ થઇ ગઇ છે. અનેક પડકારની થીયરી આગળ ધરવામાં આવી રહી છે. ભાજપના મોવડીઓને વિધાનસભાની ચૂંટણીઓ સાવ નજીક હોવા છતાં મુખ્યમંત્રી બદલી નાખવાની ફરજ શું કામ પડી એ અંગે આમ તો ઘણા બધા પ્રેરિત કારણો આગળ ધરવામાં આવી રહયા છે પણ રાજકીય લોબી અને નિષ્ણાંતોમાં ચર્ચાતી અટકળોમાંથી મુખ્ય સુર એવો ઉઠતો સંભળાય છે કે, ગુજરાતની ભાજપ સરકારમાં છેલ્લા લાંબા સમયથી અહિથી તો પસાર થવું જ પડે?જેવી એક સીસ્ટમ ઉભી થઇ જવા પામી

નવા મુખ્યમંત્રી જૂની વ્યવસ્થાને દુર કરશે એવી આશા વ્યકત કરતા નિરીક્ષકો

હતી જેનાં કારણે વહીવટી તંત્રનું સંતુલન ખોરવાઇ રહયું હતું અને લગભગ ખોરવાઇ ગયું હતું.! અન્ય પ્રકારે પણ આ નવતર પ્રકારની શાસન સિસ્ટમને કારણે સરકાર અને પક્ષ બન્નેમાં ભારે દ્વીધા ભરી સ્થિતિ ઉભી થઇ જવા પામી હતી અને અધિકારીઓ પણ કઇ રીતે કામ કરવું તેની વિડંબણા અનુભવતા થઇ ગયા હતા એવું રાજકીય પંડિતો અને ગાંધીનગરની સરકારી કોરીડોરમાં હરતા ફરતા રહેલા જાણકાર લોકોનું કહેવું છે. આવી વ્યવસ્થા એકાએક કઇ રીતે ઉભી થઇ ગઇ તેનું કોઇ નક્કર કારણ રાજકીય નિરીક્ષકોના સમજમાં પણ આવતું નથી છતાં એ હકીકતનો બધા સ્વીકાર કરી રહયા છે કે, એકા એક ઉભી થઇ ગયેલી યા ઉભી કરવામાં આવેલી આવી વ્યવસ્થાને કારણે પક્ષ અને સરકાર વચ્ચેના સંતુલનમાં ગંભીર પ્રકારે ગડબડ ઉભી થઇ હતી જેનાં કારણે મોવડિ મંડળને ડેમેજ કન્ટ્રોલ કરવા માટે આગળ આવવું પડયું અને સરકારની નેતાગીરી જ બદલી નાખવામાં આવી છે.

આવી ભૂમિકાને કારણે સૌરાષ્ટ્રને અને એક યા બીજા પ્રકારે ભરોભાર ગંભીર અન્યાય કરવામાં આવ્યો હોવાની ચર્ચા થતી સંભળાય છે. રથના બે પૈડામાંથી એક પૈડુ આગળ જતુ હોય અને બીજુ પૈડુ પાછળ આવતું હોય એવી વિચિત્ર અને વિપરીત પરિસ્થિતિ ઉભી થવા પામી હતી. તેના કારણે સૌરાષ્ટ્રના લોકપ્રતિનિધિઓમાં પણ ઘેરો રોષ અને અસંતોષ જાગી ઉઠયા હતા. સૌરાષ્ટ્રનો અવાજ કોઇપણ મુદ્દા પર સાંભળવામાં આવ્યો ન હતો. જે તે સમયે છાને ખુણે ખુદ સત્તા પક્ષના પ્રતિનિધિઓ જ એમના દુખણા ગાતા ખાનગીમાં સંભળાયા હતા.

હદ તો ત્યાં થઇ હતી કે, રાજયના મુખ્યમંત્રીને મળવું હોય તો પણ સીધા મળવા માટે જઇ શકાતું ન હતું અને સીધુ એમને કહીને પણ મુલાકાત માંગી શકાતી ન હતી. મુખ્યમંત્રી સુધી પહોંચવા માટે પણ વાયા થઇને જવું પડતું હતું. મુખ્યમંત્રીને મળવાના માંગમાં પણ ડાયવર્ઝન કાઢવામાં આવતા સત્તા પક્ષના કાર્યકરો, નેતાઓ અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં સત્તા પક્ષના નેતાઓ તથા જન પ્રતિનિધિઓ રીતસર કચવાટ અનુભવવા લાગ્યા હતા. પરંતુ એમનો રોષ ઠાલવવા માટેની કોઇ જગ્યા કે તક પ્રાપ્ત થતા ન હતા પરીણામે એમને ગાંધીનગરમાં અવાજ સંભળાતો ન હોવા છતાં સમસમીને બેસી રહેવું પડતું હતું. આ પરિસ્થિતિએ એવી લાગણી સૌરાષ્ટ્રમાં જન્માવી હતી કે, મુખ્યમંત્રીને પક્ષના જ આગેવાનો, જન પ્રતિનિધિઓ કે કાર્યકરો સીધા મળી ન શકતા હોય અને

(અનુ.પાના નં.૪ ઉપર)

અમદાવાદ-મુંબઇ વચ્ચે ૮ નવા ઇલેકિટ્રક સ્ટેશન

માત્ર ૪૦ મિનિટમાં વાહનનું ચાર્જિંગ કરી આપવામાં આવશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૧૪

પ્રદૂષણને ઘટાડવા સરકાર દ્વારા ઇલેકિટ્રક વાહનોની સંખ્યામાં વધારો કરવા સબસીડીઓ આપવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત મૂળની ખાનગી સંસ્થા દ્વારા અમદાવાદ અને મુંબઇ વચ્ચેના નેશનલ હાઇવે-૮ પર ૮ જેટલા ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે.

માત્ર ૪૦ મિનિટમાં વાહનનું ચાર્જિંગ કરી આપવામાં આવશે. પ્રત્યેક સ્ટેશન ૬૦ કિલોવોટ કેપેસીટી સાથે ફાસ્ટ ચાર્જિંગ ક્ષમતાઓ ધરાવે છે. હાલ ગુજરાતમાં ૧૩૧૯ ઇલેકિટ્રક વાહનો રસ્તા પર દોડી રહ્યા છે. રાજય દ્વારા અમદાવાદ, વડોદરા અને ગાંધીનગરમાં ૨૭૮ ઇલેકિટ્રક ચાર્જિંગ સ્ટેશન મંજૂર કરવામાં આવ્યા છે.(૧૦.૧૧)

જામનગરમાં જળપ્રલયઃ રાહત-બચાવ કામગીરી પુરજોશમાં

જૂનાગઢ અને રાજકોટ જીલ્લામાં મેઘમહેરથી સર્વત્ર પાણી-પાણીઃ રેસ્કયુ ઓપરેશન યથાવત

ભારે વરસાદને કારણે વીજતંત્રને લાખોનું નુકસાનઃ ૫૪૫ થાંભલા પડી ગયાઃ ૧૪૫ ગામો લાઇટ વિહોણાઃ ૪૪૫ ફીડર બંધ

રાજ્યમા ભારે વરસાદના કારણે ૧૫૯ રસ્તાઓ બંધ : ૧ નેશનલ હાઇ-વે, ૧૩ સ્ટેટ હાઇ-વે અને ૧૩૦ પંચાયત હસ્તકના માર્ગો બંધ

રાજકોટ અને જામનગરની તાકિદની મુલાકાતે આવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજકોટ અને જામનગરનાં મેઘ તાંડવથી અસરગ્રસ્ત વિસ્તારોની તાબડતોબ મુલાકાતે આવી રહયા છે. જાણવા મળ્યા મુજબ આજે બપોરે ૨:૩૦ વાગ્યે મુખ્યમંત્રી જામનગર પહોંચી જશે અને રાજયમંત્રી હકુભા જાડેજા સાથે હાલારના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇની સાથે ખાસ વિમાનમાં ગાંધીનગરમાં જામનગરનાં સંસદ પુનમબેન માડમ પણ આવી રહયા છે. જામણવા મળ્યા મુજબ જામનગરની મુલાકાત લઇ મુખ્યમંત્રી બપોર બાદ રાજકોટ આવશે અને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે જશે આ

અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે, જામનગર થઇ બપોર બાદ રાજકોટ આગમન

પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઇ નિરીક્ષણઃ જામનગર જિલ્લામાં નુકસાનીનો રીપોર્ટ મંગાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૪

રાજકોટ, જામનગર, જૂનાગઢ જેવા જીલ્લાઓને ધમરોળતા બાદ મેઘરાજાએ વિરામ લેતા આંશીક રાહત થઇ છે.જાનમાલની વ્યાપક નુકશાનીનો પ્રાથમીક સર્વે શરૂ કરી દેવામાં આવ્યો છે. જોકે હજુ વરસાદની આગાહી યથાવત હોવાના કારણોસર તંત્રને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યું છે. ગુજરાતમાં સાર્વત્રિક મેઘસવારી વચ્ચે રાજકોટ,જામનગર તથા જૂનાગઢ જીલ્લામાં અતિભારે વરસાદ નોંધાયો હતો. જેને પગલે વ્યાપક તારાજી સર્જાઇ છે. રાજકોટમાં શહેર ઉપરાંત લોધીકા, ધોરાજી જેવા ભાગોમાં ૨૦ ઇંચથી વધુના અતિભારે વરસાદને કારણે જળ બંબાકારની હાલત સર્જાઇ હતી. લોધીકા તથા ગોંડલ પંથકમાં ડૈયા, હડમતાળા સહીતનાં ગામોમાં રેસ્કયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સેંકડો લોકોને આશ્રયસ્થાનોમાં રાખવામાં આવ્યા છે. જામનગર તાલુકા તથા કાલાવડ પંથકમાં ૨૭ ઇંચ સુધીના બેફામ વરસાદથી વ્યાપક તારાજીની આશંકા છે. મોડીરાતથી વરસાદ અટકતા તંત્ર તથા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જામનગર-રાજકોટમાં જીલ્લા પંચાયત તથા કલેકટર તંત્રના સુત્રોએ કહ્યું કે, તમામ તાલુકા મામલતદારોને જાનમાલની નુકસાનીનો પ્રાથમીક રીપોર્ટ આપવા કહેવાયુ છે અને તે અંતર્ગત સર્વે શરૂ કરી દેવામાં આવ્યો છે.રાજકોટ જીલ્લામાં વરસાદી દુર્ઘટનામાં સતાવાર મૃત્યુઆંક એક છે.

ડૈયા સહિતના ગામડાઓમાં ફસાયેલા લોકોને બોટ મારફત બહાર કાઢીને સુરક્ષીત સ્થળોએ આશરો અપાયો હતો. જામનગર જીલ્લામાં એરફોર્સ દ્વારા હેલીકોપ્ટરથી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને અંદાજીત ૫૦ લોકોને બચાવાયા હતા. ભારે વરસાદ પુરથી માર્ગ અને વિજ ક્ષેત્રે પણ વ્યાપક નુકસાન થયુ છે. અનેક રસ્તા ધોવાઈ જતાં બંધ કરવામાં આવ્યા છે. માર્ગો પર ડામરના પોપડા ઉખડી ગયા છે.

આજે સવારે ૧૦ વાગ્યાના લેટેસ્ટ રીપોર્ટ મુજબ ભારે વરસાદને કારણે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ તંત્રને લાખોનું નુકશાન થયું છે: ૨૪ કલાકમાં ૫૪૫ થાંભલા પડી જતા ટીમો લાઇનો પર દોડી છે : એમાં રાજકોટ ગ્રામ્યમાં ૨૬૬ તો જામનગર

રાજકોટ-જામનગર-જૂનાગઢ-પોરબંદર જીલ્લાઓમાં અતિભારે વરસાદથી વ્યાપક નુકસાન

એનડીઆરએફની અમરેલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, જૂનાગઢમાં ૧-૧, જામનગરમાં ૩, તથા રાજકોટમા ૨ ટીમો તૈનાત

ક્ષેત્રમાં ૧૮૦ પોલ તૂટી પડયા છે: ખેતીવાડીના ૩૯૬ અને જે. જી. વાયના ૪૭ થઇને કુલ ૪૪૫ ફીડર બંધ થઇ જતા તે રીસ્ટાર્ટ કરવા કાર્યવાહી શરૂ કરાઇ છે. આ ઉપરાંત રાજકોટ ગ્રામ્યના ૨૩ અને જામનગર જીલ્લાના ૮૫ ગામો સહિત કુલ ૧૪૫ ગામોમાં અંધારપટ છવાયો છે. રાજ્યમા ભારે વરસાદના કારણે ૧૫૯ રસ્તાઓ બંધ થયા છે, જેમાં ૧ નેશનલ હાઇવે, ૧૩ સ્ટેટ હાઇવે અને ૧૩૦ પંચાયત હસ્તકના માર્ગો બંધ થયા છે. જામનગરમાં કાલાવાડમાંથી પસાર થતો નેશનલ હાઇવે બંધ થયો છે. આ મોટાભાગના રસ્તાઓ પાણી ભરાવાના કારણે બંધ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૧૨ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છેવરસાદને કારણે રાજ્યમાં રસ્તાઓ બંધ થતા વાહન વ્યવહાર ખોરવાયો છે.

આજી ડેમ છલું... છલું...

(તસવીરઃ દિલીપ ગોહેલ)

જો આજે વરસાદનું જોર રહેશે તો સાંજ સુધીમાં ઓવરફ્લો થવાની શક્યતાઃ ૨૭.૫ ફૂટે પાણી પહોચ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ સૌરાષ્ટ્રભરમાં મેઘકૃપા થઇ છે ત્યારે રાજકોટને પાણી પુરૂં પાડતા આજી - ન્યારી-૧ અને ભાદર ત્રણેય ડેમમાં નવા પાણીની ધોધમાર આવક થઇ છે. આજે સવારે ૧૦ વાગ્યાની સ્થિતિએ જ્યારે આજી છલકાવામાં હવે ૧.૫૦ ફૂટનું છેટુ છે. ડેમમાં ધીમી આવક ચાલુ છે.જો આજે વરસાદનું જોર રહે તો સાંજ સુધીમાં ઓવરફ્લો થવાની શક્યતાઓ છે. આજી-૧ની કુલ સપાટી ૨૯ ફૂટ છે. જેમાંથી ૨૭.૫૦ સુધી પાણી ભરાય ગયું છે. હવે ઓવરફ્લોમાં ૧.૫૦ ફૂટ છેટુ છે.(૪)

ભારે વરસાદથી એસ.ટી. ના ૩૩ જીલ્લાના ૫૫ રૂટ બંધ

ગુજરાતમાં વરસાદની અસરથી એસ.ટી. બસના રૂટ ઉપર અસર થઇ છે : GSRTCએ ૩૩ જિલ્લાના ૫૫ રૂટ બંધ કર્યા, ભાવનગરના ૫, બોટાદના ૨, જૂનાગઢના ૧૧, જામનગરના ૩૦, દ્વારકાના ૭ સહિત કુલ ૫૫ રૂટ બંધ કરવામાં આવ્યા છે.

સોનલ કેટરર્સ

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૬૧૮૨, ૯૬૬૮૬ ૧૧૧૭૮

લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

ભારે વરસાદના પગલે તમામ વોર્ડમાં તુટેલા રસ્તાનો સર્વે કરવા મેયરનો આદેશ

અધિકારીઓ સાથે યોજતા મેયર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૪

ગઈકાલ રાજકોટ શહેરમાં ખુબજ ભારે વરસાદ આવેલ. જેના કારણે શહેરના ઘણા રસ્તાઓ પર ખાડાઓ પડી ગયેલ. આ તમામ રસ્તાઓના ખાડાઓમાં મોરમ, મેટલ, કપચી, પેવિંગ બ્લોક વિગેરે દ્વારા તાત્કાલિક મરામત કરવા અને સફાઈની કામગીરીને સઘન બનાવવા સિટી એન્જીનીયર વાય.કે. ગોસ્વામી, કે.એસ. ગોહેલ, એચ.એમ. કોટક, ડે.એન્જીનીયર પટેલીયા તથા સોલીડવેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ અધિકારી નિલેશભાઈ પરમાર, તથા નાયબ પર્યાવરણ અધિકારી પ્રજેશ સોલંકી, જીંજાળા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગઈકાલે ભારે વરસાદના કારણે શહેરના મુખ્ય માર્ગો તથા સોસાયટીના અંદરના રસ્તાઓમાં નુકસાન થયેલ હોય તેનું તમામ વોર્ડમાં સર્વે કરવા મેયરએ જણાવેલ. શહેરના અનેક રાજમાર્ગો તેમજ મેઈન રોડમાં નાનામોટા ખાડાઓ પડેલ છે.

સર્વે કરવામાં આવેલ તમામ રસ્તા પર ખાડાઓમાં મેટલ, મોરમ, કપચી તેમજ પેવિંગ બ્લોક વિગેરે નાંખી તાકીદે મરામત કરવા સુચના આપવામાં આવેલ હતી. વરસાદના કારણે તણાઈને આવેલ પ્લાસ્ટિક, ઝાડી-જાખરા વિગેરેની ગંદકી

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.